સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS




દરેક નવા વીડિયોના **NOTIFICATION** માટે **BELL** icon **PRESS** કરો.


**સંપાદક**

મૌલિક ગોંધિયા

(Director - ICE)


[SEP-2019]

[01/09 to 07/09]

# WEEK-36

## CURRENT TOPIC

- ભારતના પાંચ રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂક
- આસામમાં NRCની અંતિમ યાદી જાહેર
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની રશિયાની મુલાકાત
- ISSF Shooting World Cup 2019
- ગઝલગઢના રાજવી શ્રી ખલીલ ધનતેજવીને વર્ષ 2019નો નરસિંહ મહેતા એવોર્ડ એનાયત
- Safe Cities Index 2019

**1 SEPTEMBER, 2019 SUNDAY**

## ➤ ગુજરાતમાં સૌરાષ્ટ્રના ભાતીગળ તરણેતરના મેળાનો પ્રારંભ

તાજેતરમાં 1 સપ્ટેમ્બર, 2019ના રોજ ગુજરાતમાં સૌરાષ્ટ્રના ભાતીગળ તરણેતરના મેળાનો પ્રારંભ થયો છે.

- ગુજરાતમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના થાન અથવા તો થાનગઢ પાસે આવેલા તરણેતરમાં દર વર્ષે સામાન્ય રીતે ભાદરવા સુદ ચોથ, પાંચમ અને છઠના રોજ મેળો ભરાય છે.
- તરણેતરના આ મેળાનો સૌરાષ્ટ્રના સૌથી મહત્ત્વના ત્રણ મેળામાં સમાવેશ થાય છે.

### સૌરાષ્ટ્રના સૌથી પ્રસિદ્ધ ત્રણ મેળા

ગુજરાતમાં સૌરાષ્ટ્રના સૌથી વધુ પ્રસિદ્ધ અને સૌથી વધુ મહત્ત્વના ત્રણ મેળાઓમાં નીચેના મેળાઓનો સમાવેશ થાય છે :

(1) **ભવનાથનો શિવરાત્રીનો મેળો**

(2) **ઘેડ પ્રદેશમાં માધવપુરનો મેળો અને**

(3) **પાંચાળનો તરણેતરનો મેળો**

- આ ત્રણ મેળાઓમાંથી તરણેતરનો મેળો **'રંગનો મેળો'**, માધવપુરનો મેળો **'રૂપનો મેળો'** અને ભવનાથનો મેળો **'ભક્તિના મેળા'** તરીકે પ્રસિદ્ધ છે.

### તરણેતરના મેળાની વિશેષતા

તરણેતરનો મેળો યૌવન, રંગ, રૂપ, મસ્તી, લોકગીત, દૂહા અને લોકનૃત્યનો મેળો છે. તરણેતરનાં મેળાની મુખ્ય ત્રણ વિશેષતાઓ આ પ્રમાણે છે :

(1) આ મેળાની રાવટીઓમાં વહેલી રાતથી માંડીને સવાર સુધી ચાલતી ભજનની લહેર.

(2) સામસામા બોલાતા દૂહા

(3) 200-200 ભાઈ–બહેનોના એક સાથે લેવાતા **હૂડા અને હાજા રાસ**.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



આ ઉપરાંત આ મેળાની અન્ય વિશેષતાઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

- ગ્રામ્ય રમતોત્સવનું આયોજન.
- પશુ પ્રદર્શન અને હરિફાઈ
- આ મેળામાં અગાઉ શણગાર સજીને આવતા બળદગાડા, આગવા પોશાક તથા પહેરવેશમાં સજ્જ થઈને આવતા વિવિધ જ્ઞાતિના લોકો વગેરેનું વિશિષ્ટ આકર્ષણ હતું.
- આ મેળામાં અગાઉ સૌરાષ્ટ્રની ભાતીગળ લોકસંસ્કૃતિનો સમૂહ અહીં ભેગો થતો હતો. જેમાં ખાસ કરીને માલધારી સમાજ, મોટાભાઈ ભરવાડ, નાનાભાઈ ભરવાડ, રબારી સમાજ, તળપદા કોળી સમાજ, ચુવાળિયા ઠાકોર સમાજ ઉપરાંત ક્ષત્રિય સમાજમાંથી ગરાસીયા દરબારો, કાઠી દરબારો આવતા. આ ઉપરાંત અહીં અન્ય જ્ઞાતિના લોકો પણ આનંદ અને ઉલ્લાસથી આ મેળામાં સહભાગી થતા હતા.
- આ મેળામાં **તરણેતર**માં આવેલા **ત્રિનેત્રેશ્વર મહાદેવ**ના મંદિર પાસે ત્રણ કુંડમાં **ઋષિ પંચમી**ને દિવસે લોકો પોતાના મૃત્યુ પામેલા સ્વજનોના અસ્થિ પધરાવી, કુંડમાં નાહીને ગંગામાં નાહયાનું પુણ્ય માને છે.
- આ મેળામાં **ઋષિ પંચમી**ને દિવસે **પાળિયાદ**ના મહંત **શ્રી વિમાસણ બાપુ**ની યાદમાં **ત્રિનેત્રેશ્વર મંદિર** પર **પાળિયાદ**ની **બાવન ગજની ધજા** ચડે છે. તેનું પણ વિશેષ આકર્ષણ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## તરણેતર મંદિરનો ઈતિહાસ

તરણેતર ખાતે આવેલા પ્રસિદ્ધ ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર વિશે અનેક લોકવાયકાઓ છે. જેમ કે,

(1) અયોધ્યાના **સૂર્યવંશી રાજા શ્રી યુવનાશ્વ**ના પુત્ર **શ્રી માંધાતા**એ આ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું.

(2) તરણેતરનો પ્રદેશ **પાંચાળ પ્રદેશ** તરીકે ઓળખાય છે. મહાભારત સમયે દ્રુપદ નગરી પાંચાળમાં હતી. મહાભારતની કથા અનુસાર મહારાજા દ્રુપદની પુત્રી **દ્રૌપદીનો સ્વયંવર** તરણેતરમાં યોજાયો હતો. અને અત્યારે આ સ્થળ ઉપર જે કુંડ આવેલો છે, તેમાં અર્જુન દ્વારા **મત્સ્યવેધ** થયો હતો. આમ, આ રીતે આ સ્થળ સાથે **દ્રૌપદીનાં વિવાહ**નો પ્રસંગ જોડાયેલો છે.

(3) અહીં ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર ફરતે ત્રણ કુંડ આવેલા છે. આ કુંડ **બ્રહ્મકુંડ**, **વિષ્ણુકુંડ** અને **શિવકુંડ** તરીકે ઓળખાય છે. આ કુંડમાં **પાંચ ઋષિઓ**એ ભેગા થઈને ગંગાજીના અવતરણ માટે આહવાન કરીને અહીં **ગંગાજીનું પ્રાગટ્ય** કર્યું હતું. આથી, ગંગાજીના અવતરણને નિમિત્ત બનાવી અહીં લોકો **ઋષિ પંચમી**ને દિવસે પોતાના મૃત્યુ પામેલા સ્વજનોની તૃપ્તિ માટે આ કુંડમાં સ્નાન કરે છે.

(4) આ મંદિરની શૈલી **ગુર્જર પ્રતિહાર** પ્રકારની હોવાથી સંશોધનકારોના મતે **દસમી સદી**માં **પ્રતિહાર રાજાઓ** દ્વારા આ મંદિરનો જીર્ણોદ્ધાર થયો હોવાનું માનવામાં આવે છે.

(5) તરણેતરના વર્તમાન મંદિરનો જીર્ણોદ્ધાર **ઓગસ્ટ, 1902**માં **લખતર**ના રાજવી **શ્રી કરણસિંહજી**એ તેમના પુત્રી **કરણબા**ના સ્મરણાર્થે કરાવ્યો હતો.

(6) આ મંદિરમાં **બે શિવલિંગ** સ્થાપિત છે. જાણકારોના મતે મોટું શિવલિંગ પ્રાચીન છે. અને તેની બાજુમાં આવેલા પ્રમાણમાં નાના શિવલિંગની પ્રતિષ્ઠા **શ્રી કરણસિંહજી**એ મંદિરના જીર્ણોદ્ધાર સમયે કરી હતી.

**નોંધ :** (1) તરણેતર ગામનું સાચું નામ **'ત્રિનેત્રેશ્વર'** હતું. તેનું અપભ્રંશ થતાં આ ગામ હાલ **તરણેતર** તરીકે ઓળખાય છે.

(2) ગુજરાતનું **તરણેતર** અથવા તો **થાનગઢ વાસુકી નાગની ભૂમિ** તરીકે પણ ઓળખાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે
સ્પેશિયલ બેચ
ધોરણ- 12માં આપની ટકાવારી મુજબ
Special Discount
ફ્રી ટ્રાયલ લેક્ચર
નવી બેચ શરૂ
50% Discount 85% થી વધુને
20% Discount 70% થી વધુને
10% Discount 40% થી વધુને
2012 - 18
1237+ સફળ ઉમેદવાર
સ્પેશિયલ બેચમાં જોડાનાર તમામ વિદ્યાર્થીઓ માટે
Current Affairsના Special Lecture ફ્રીમાં રહેશે.
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
93757-01110
93280-01110
સદ્ગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે
રાજકોટ
www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

## ➤ આસામમાં NRCની અંતિમ યાદી જાહેર

31 ઓગસ્ટ, 2019ના રોજ આસામમાં NRCની અંતિમ યાદી જાહેર કરવામાં આવી છે.

- આ યાદીમાં આસામના 3.11 કરોડ (3,11,21,004) લોકોને આસામના કાયદેસરના નાગરિક તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.
- જ્યારે 19.07 લાખ (19,06,657) લોકોની નાગરિકતા ગેરકાયદે જાહેર કરવામાં આવી છે.
- જોકે, આ યાદીમાં જે લોકોનો સમાવેશ થયો નથી તેઓ ફોરેનર્સ ટ્રિબ્યુનલ (FT)માં અપીલ કરી શકે છે.
- આ અગાઉ 30 જુલાઈ, 2018ના રોજ જાહેર કરવામાં આવેલા NRCના મુસદ્દામાં 40.07 લાખ લોકોની નાગરિકતા ગેરકાયદે જાહેર કરવામાં આવી હતી.
- જોકે, NRCની અંતિમ યાદીમાં આ સંખ્યા ઘટીને 19.07 લાખ થઈ ગઈ છે.
- આસામમાં વિદેશી ઘૂસણખોરોને અલગ તારવવા માટે સુપ્રીમ કોર્ટની સીધી દેખરેખ હેઠળ છેલ્લા પાંચ વર્ષથી આ પ્રક્રિયા ચાલી રહી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## NRCની યાદીનો વિરોધ

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી NRCની આ અંતિમ યાદીમાં અનેક જેન્યુઈન ભારતીય નાગરિકોનો સમાવેશ થયો નથી.

- જ્યારે તેની સામે અનેક બાંગ્લાદેશી ઘૂષણખોરોનો આ યાદીમાં સમાવેશ થયો હોવાનું કહેવાય છે.
- આથી, ભાજપ, કોંગ્રેસ, આસામગણ પરિષદ સહિતની રાજકીય પાર્ટીઓ અને અનેક સંગઠનોએ NRCની આ યાદીનો વિરોધ કર્યો છે.

## NRCમાંથી બાકાત લોકો પાસે હવે કયા વિકલ્પ છે ?

1. NRCમાંથી બાકાત લોકોએ <u>120 દિવસ</u>માં <u>ફોરેનર્સ ટ્રિબ્યુનલ (FT)</u>માં અરજી કરવાની રહેશે.
2. ફોરેનર્સ ટ્રિબ્યુનલ (FT)નો ચુકાદો ન આવે ત્યાં સુધી કોઈની ધરપકડ નહીં કરાય.
3. ફોરેનર્સ ટ્રિબ્યુનલ (FT)માં કેસ હારી જનાર વ્યક્તિ <u>હાઈકોર્ટ</u> અને <u>સુપ્રીમ કોર્ટ</u>માં અરજી કરી શકશે.
4. ગરીબ પરિવારોને કેસ લડવા માટે સરકાર દ્વારા કાનૂની મદદ મળશે.
5. તમામ કાનૂની વિકલ્પ પછી પણ વિદેશી જાહેર થનારને ડિટેન્શન સેન્ટરમાં રખાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## NRC શું છે ?

NRCનું પૂરું નામ <u>'નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન' (National Register of Citizens)</u> છે. NRC એ <u>રાજ્યના નાગરિકોની એક યાદી</u> છે.

- તાજેતરમાં આસામમાં <u>ગેરકાયદેસર વસતા બાંગ્લાદેશીઓને દેશનિકાલ કરવા</u> માટે એક અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.
- આ અંતર્ગત આસામમાં વસવાટ કરતા ગેરકાયદે બાંગ્લાદેશીઓની ઓળખ કરવા માટે NRCની એક યાદી તૈયાર કરવામાં આવી છે.
- આસામમાં રાજ્યના નાગરિકો દ્વારા પોતાની નાગરિકતા સાબિત કરવા NRCની યાદીમાં પોતાનું નામ નોંધાવવા માટે દસ્તાવેજો મોકલવામાં આવ્યા હતા.
- જેમાં તેમણે એ સાબિત કરવાનું હતું કે તેઓ અથવા તેમના પૂર્વજ ભારતમાં <u>24 માર્ચ, 1971</u> પહેલાંથી રહેતા આવ્યા છે.
- 24 માર્ચ, 1971 બાદ આસામમાં આવેલા બાંગ્લાદેશીઓને બાંગ્લાદેશ પરત મોકલવામાં આવશે.

**નોંધ :** (1) ભારતમાં <u>1951</u>ની વસતી ગણતરી પછી ભારતના તમામ રાજ્યોમાં વસતી ગણતરીને આધારે NRCની એક યાદી તૈયાર કરવામાં આવી હતી.

(2) આસામમાં NRCને (એટલે કે રાજ્યના નાગરિકોની યાદીને) <u>સુપ્રીમ કોર્ટના નિરીક્ષણ</u> હેઠળ અપડેટ કરવામાં આવી રહી છે.

(3) નાગરિકોની ઓળખને આધારે NRCની યાદી અપડેટ કરનાર <u>આસામ</u> ભારતનું પ્રથમ રાજ્ય છે.

## ➤ નવા મોટર વાહન સુધારા એક્ટનો 1 સપ્ટેમ્બરથી અમલ શરૂ



તાજેતરમાં ભારતમાં **'The Motor Vehicles Act, 1988'**માં સુધારો કરીને **'મોટર વાહન (સુધારા) બિલ 2019'** ભારતની સંસદમાં પસાર કરવામાં આવ્યું હતું.

- અને રાષ્ટ્રપતિની સહી દ્વારા તેને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું.
- ત્યારબાદ ભારત સરકારના ટ્રાન્સપોર્ટ મંત્રાલય દ્વારા 28 ઓગસ્ટ, 2019ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરીને **1 સપ્ટેમ્બર, 2019**થી ભારતમાં આ નવા **મોટર વાહન એક્ટ, 2019**નો અમલ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત ભારતમાં **1 સપ્ટેમ્બર, 2019**થી નવા સુધારેલા **મોટર વાહન એક્ટ, 2019**નો અમલ શરૂ થઈ ગયો છે.
- જોકે, આ નવા મોટર વાહન એક્ટમાં સલામતી અને રોડ શિસ્ત માટે આકરા દંડની જોગવાઈ કરવામાં આવી હોવાથી અનેક રાજ્યોમાં આ નવા એક્ટનો વિરોધ થયો છે.
- **પશ્ચિમ બંગાળ** અને **મધ્યપ્રદેશે** આ નવો એક્ટ લાગુ કરવાનો ઈનકાર કર્યો છે.
- જ્યારે **રાજસ્થાન** આ અંગે હવે પછી નિર્ણય લેશે.

### નવા મોટર વાહન એક્ટ 2019માં દંડની જોગવાઈ

| ક્રમ | કલમ | ગુનો | દંડ અગાઉ | દંડ હવે |
|---|---|---|---|---|
| 1 | 177 | સામાન્ય | રૂ. 100 | રૂ. 500 |
| 2 | New 177A | માર્ગ નિયમનના નિયમોનું ઉલ્લંઘન | રૂ. 100 | રૂ. 500 |
| 3 | 178 | ટિકિટ વિના મુસાફરી | રૂ. 200 | રૂ. 500 |
| 4 | 179 | અધિકારીઓના આદેશોનો અનાદર | રૂ. 500 | રૂ. 2000 |
| 5 | 180 | લાયસન્સ વિના વાહનોનો અનધિકૃત ઉપયોગ | રૂ. 1000 | રૂ. 5000 |
| 6 | 181 | લાયસન્સ વિના વાહન ચલાવવું | રૂ. 500 | રૂ. 5000 |
| 7 | 182 | અયોગ્યતા હોવા છતાં વાહન ચલાવવું | રૂ. 500 | રૂ. 10,000 |
| 8 | 182 B | ઓવરસાઈઝ વાહનો | New | રૂ. 5000 |
| 9 | 183 | ઓવર સ્પીડિંગ | રૂ. 400 | રૂ. 1000 LMV વાહન માટે<br>રૂ. 2000 મીડિયમ પેસેન્જર વાહન માટે |
| 10 | 184 | ખતરનાક ડ્રાઈવિંગ | રૂ. 1000 | રૂ. 5000થી વધુ |
| 11 | 185 | નશામાં ડ્રાઈવિંગ | રૂ. 2000 | રૂ. 10,000 |

| ક્રમ | કલમ | ગુનો | દંડ અગાઉ | દંડ હવે |
|---|---|---|---|---|
| 12 | 189 | ઝડપ/રેસિંગ | રૂ. 500 | રૂ. 5000 |
| 13 | 192 A | પરવાનગી વિના વાહન | રૂ. 5000થી વધુ | રૂ. 10,000થી વધુ |
| 14 | 193 | લાયસન્સની શરતોનું ઉલ્લંઘન | New | રૂ. 25,000થી રૂ. 1,00,000 |
| 15 | 194 | ઓવરલોડિંગ | રૂ. 2000 અને વધારાના ટન દીઠ રૂ. 1000 | રૂ. 20,000 અને વધારાના ટન દીઠ રૂ. 2000 |
| 16 | 194 A | મુસાફરોનું વધુ ભારણ | - | વધારાના મુસાફર દીઠ રૂ. 1000 |
| 17 | 194 B | સીટ બેલ્ટ | રૂ. 100 | રૂ. 1000 |
| 18 | 194 C | દ્વિચક્રી ઓવરલોડિંગ | રૂ. 100 | રૂ. 2000, લાયસન્સ માટે 3 મહિનાની અયોગ્યતા |
| 19 | 194 D | હેલ્મેટ્સ | રૂ. 100 | રૂ. 1000, લાયસન્સ માટે 3 મહિનાની અયોગ્યતા |
| 20 | 194 E | ઈમર્જન્સી વાહનો માટે માર્ગ ન આપવો | New | રૂ. 10,000 |
| 21 | 196 | વીમા વિના ડ્રાઈવિંગ | રૂ. 1000 | રૂ. 2000 |
| 22 | 199 | સગીર બાળકો દ્વારા ગુના | New | વાલી/માલિકને દોષી માનવામાં આવશે. રૂ. 25,000 દંડ 3 વર્ષની કેદ સાથે. સગીર પર JJ Act હેઠળ કેસ ચલાવવા માટે મોટર વાહનની નોંધણી રદ કરવામાં આવશે. |
| 23 | 206 | અધિકારીઓને દસ્તાવેજો જપ્ત કરવાની સત્તા | New | કલમ – 183, 184, 185, 189, 190 194 C, 194 D, 194 E હેઠળ ડ્રાઈવિંગ લાઈસન્સનું સસ્પેન્શન |
| 24 | 210 B | અધિકારીઓ દ્વારા લાગુ કરાયેલા ગુના | New | સંબંધિત વિભાગ હેઠળ દંડ બે વાર |

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :**

(1) ભારતમાં વર્તમાન સમયે હિટ એન્ડ રનના કેસમાં મૃત્યુ થવા પર રૂ. 25,000 રૂપિયાનું વળતર મળતું હતું. હવે આ વળતર વધારીને રૂ. 2 લાખ કરવામાં આવ્યું છે.

(2) આ ઉપરાંત ઘાયલ થવાની સ્થિતિમાં અગાઉ 12,500 રૂપિયા વળતર મળતું હતું. જે હવે વધારીને રૂ. 50,000 કરવામાં આવ્યું છે.

ગુજરાત સરકારની આવનારી બિનસચિવાલય ક્લાર્ક, સિનિયર ક્લાર્ક, તલાટી, જુનિયર ક્લાર્ક, PSI/ASI/CONSTABLE,
આસિસ્ટન્ટ સહાયક આદિજાતિ વિકાસ કમિશનર, રેલવે, Dy.SO./Dy.MAM., સર્વેયર, ડેપોમેનેજર
વગેરે તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી

કરંટ અફેર્સની ઓછા સમયમાં શ્રેષ્ઠ તૈયારી માટે અત્યંત ઉપયોગી
વર્તમાન પ્રવાહો વિશેની ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી માહિતી
અનુચ્છેદ 370, ચંદ્રયાન-2, ભારત સરકાનું નવું મંત્રી મંડળ, ગુજરાત તથા ભારત સરકારના વર્ષ 2019-20ના નવા બજેટ વિશે વિશેષ માહિતી
ગુજરાત, ભારત તથા વિશ્વની મહત્ત્વની ઘટનાઓનો સમાવેશ

બિનસચિવાલય ક્લાર્ક સહિતની ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી

કરન્ટ અફેર્સ
JAN TO AUG 2019

AVAILABLE NOW

કરન્ટ અફેર્સના 1500+ પ્રશ્ન જવાબો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

Available at amazon



વધુ માહિતી માટે CALL 93753-01110

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## ICE ? Questions

1. ગુજરાતના તરણેતર ખાતે દર વર્ષે સામાન્ય રીતે કયા દિવસે મેળો ભરાય છે ?
   (A) ભાદરવા સુદ ત્રીજ, ચોથ, પાંચમ  (B) ભાદરવા વદ ત્રીજ, ચોથ, પાંચમ
   (C) ભાદરવા સુદ ચોથ, પાંચમ, છઠ  (D) ભાદરવા વદ ચોથ, પાંચમ, છઠ  **(C)**

2. ગુજરાતમાં તરણેતર ખાતે ભાદરવા સુદ ચોથ, પાંચમ, છઠના રોજ પ્રસિદ્ધ મેળો ભરાય છે....આ તરણેતર ગુજરાતના કયા જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?
   (A) સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકામાં  (B) મોરબી જિલ્લાના થાનગઢ તાલુકામાં
   (C) સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકામાં  (D) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં  **(D)**

3. ગુજરાતનો કયો મેળો ભક્તિના મેળા તરીકે પ્રસિદ્ધ છે ?
   (A) વૌઠાનો મેળો  (B) તરણેતરનો મેળો  (C) ભવનાથનો મેળો  (D) માધવપુરનો મેળો  **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. ગુજરાતનો કયો મેળો રાવટીઓમાં ગવાતા ભજન અને સામસામા બોલાતા દૂહા માટે પ્રસિદ્ધ છે ?
(A) ચિત્ર–વિચિત્રનો મેળો (B) ભવનાથનો મેળો (C) તરણેતરનો મેળો (D) અંબાજીનો મેળો **(C)**

5. ગુજરાતમાં હાલ તરણેતર ખાતે જયાં મેળો ભરાય છે એ ગામનું નામ અપભ્રંશ થતાં તરણેતર થઈ ગયું છે.....તરણેતરનું સાચું નામ શું હતું ?
(A) ત્રિનેત્ર (B) તૈણેતર (C) ત્રિનેત્રેશ્વર (D) ત્રણનેતર **(C)**

6. ગુજરાતમાં તરણેતર ખાતે કયા મહાદેવનું પ્રસિદ્ધ મંદિર આવેલું છે ?
(A) ત્રિનેત્ર મહાદેવ (B) ત્રિનેત્રેશ્વર મહાદેવ (C) પંચનાથ મહાદેવ (D) ગોપનાથ મહાદેવ **(B)**

7. ગુજરાતમાં તરણેતર ખાતે આવેલા પ્રસિદ્ધ ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર પર દર વર્ષે ભાદરવા સુદ પાંચમના રોજ કયા ગામની બાવન ગજની ધજા ચડે છે ?
(A) તરણેતર (B) થાનગઢ (C) બગદાણા (D) પાળિયાદ **(D)**

8. તરણેતર અંગે પ્રચલિત લોકવાયકાના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું/સાચાં છે ?
1. તરણેતરનો પ્રદેશ ઘેડના પ્રદેશ તરીકે ઓળખાય છે.
2. અહીં દ્રૌપદી સ્વયંવર થયો હતો.
3. અહીં દ્રૌપદીએ લાક્ષાગૃહમાં દુર્યોધનનું અપમાન કર્યું હતું.
4. અહીં ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર પાસેના કુંડમાં પાંચ ઋષિઓએ ભેગા મળીને સરસ્વતી નદીનું પ્રાગટ્ય કર્યું હતું.
5. અહીં ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર ફરતે ત્રણ કુંડ આવેલા છે. અને આ કુંડનું નામ બ્રહ્મકુંડ, વિષ્ણુકુંડ અને શિવકુંડ છે.
(A) 1, 2, 3, 4, 5 (B) 2, 3, 4, 5 (C) 2, 4, 5 (D) 2, 5 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. સંશોધકોના મતે તરણેતર ખાતે આવેલા પ્રસિદ્ધ ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરની શૈલી કયા પ્રકારની છે ?
(A) મારુ ગુર્જર (B) ગુર્જર પ્રતિહાર (C) સોલંકી (D) ચોલ **(B)**

10. તરણેતરના વર્તમાન મંદિરનો જીર્ણોદ્ધાર કયાંના રાજવીએ કરાવ્યો હતો ?
(A) થાનગઢ (B) ધ્રાંગધ્રા (C) જામનગર (D) લખતર **(D)**

11. તરણેતરના વર્તમાન મંદિરનો જીર્ણોદ્ધાર લખતરના કયા રાજવીએ કરાવ્યો હતો ?
(A) શ્રી બલવીરસિંહજી (B) શ્રી ઈન્દ્રસિંહજી (C) શ્રી કરણસિંહજી (D) શ્રી પ્રતિપાલસિંહજી **(C)**

12. લખતરના રાજવી શ્રી કરણસિંહજીએ કોની સ્મૃતિમાં તરણેતરના વર્તમાન મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો ?
(A) કરણબા (B) કિરણબા (C) નેહલબા (D) કિંજલબા **(A)**

13. લખતરના રાજવી શ્રી કરણસિંહજીએ કરણબાના સ્મરણાર્થે તરણેતરના વર્તમાન મંદિરનો જીર્ણોદ્ધાર કયારે કરાવ્યો હતો ?
(A) ઓગસ્ટ, 1902 (B) ઓગસ્ટ, 1912 (C) ઓગસ્ટ, 1904 (D) ઓગસ્ટ, 1914 **(A)**

14. તરણેતરના પ્રસિદ્ધ ત્રિનેત્રેશ્વર મંદિરનો જીર્ણોદ્ધાર સંશોધકોના મતે પ્રતિહાર રાજાઓ દ્વારા કયારે થયો હોવાનું માનવામાં આવે છે ?
(A) બારમી સદીમાં (B) દસમી સદીમાં (C) ચૌદમી સદીમાં (D) છઠ્ઠી સદીમાં **(B)**

15. ગુજરાતનો કયો પ્રદેશ 'વાસુકી નાગની ભૂમિ' તરીકે ઓળખાય છે ?
(A) જૂનાગઢ (B) દેવભૂમિ દ્વારકા (C) સોમનાથ (D) તરણેતર **(D)**

16. ગુજરાતનો કયો પ્રદેશ 'પાંચાળ પ્રદેશ' તરીકે ઓળખાય છે ?
(A) ભાલકાતીર્થ (B) બેટ દ્વારકા (C) દેવભૂમિ દ્વારકા (D) તરણેતર **(D)**

17. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં NRCનો ફાઈનલ ડ્રાફ્ટ જાહેર કરવામાં આવ્યો છે ?
(A) અરૂણાચલ પ્રદેશ (B) પશ્ચિમ બંગાળ (C) ઓડિશા (D) આસામ **(D)**

18. તાજેતરમાં આસામમાં NRCનો ફાઈનલ ડ્રાફ્ટ જાહેર કરવામાં આવ્યો છે.......આ NRCનું પૂરું નામ શું છે ?
(A) નેશનલ રજીસ્ટર ઓફ કોર્ટ (B) નેશનલ રજીસ્ટ્રેશન ઓફ કોર્ટ
(C) નેશનલ રજીસ્ટ્રેશન ઓફ (સુપ્રીમ)કોર્ટ (D) નેશનલ રજીસ્ટર ઓફ સિટિઝન **(D)**

19. તાજેતરમાં ચર્ચામાં રહેલ NRC શું છે ?
(A) દિલ્હી સરકારની એક યોજના
(B) રાજસ્થાનમાં તાજેતરમાં શરૂ થયેલ એક નહેર પરિયોજના
(C) NRI નાગરિકોને આપવામાં આવેલું નવું નામ
(D) આસામમાં જાહેર કરવામાં આવેલી રાજ્યના નાગરિકોની યાદી **(D)**

20. તાજેતરમાં આસામમાં જાહેર થયેલી NRCની અંતિમ યાદીમાં કેટલા લોકોનો સમાવેશ થયો છે ?
(A) 3.11 કરોડ (B) 3.31 કરોડ (C) 3.41 કરોડ (D) 4.31 કરોડ **(A)**

21. તાજેતરમાં આસામમાં જાહેર થયેલી NRCની અંતિમ યાદીમાં કેટલા લોકોનો સમાવેશ થયો નથી ?
(A) 19.07 લાખ (B) 21.07 લાખ (C) 29.07 લાખ (D) 40.07 લાખ **(A)**

22. તાજેતરમાં આસામમાં જાહેર થયેલી NRCની યાદીમાં આસામમાં કઈ તારીખ બાદ સ્થાયી થયેલા નાગરિકોને ગેરકાયદેસરના નાગરિકો ગણવામાં આવ્યા છે ?
(A) 24 માર્ચ, 1971 (B) 24 માર્ચ, 1974 (C) 24 માર્ચ, 1976 (D) 24 માર્ચ, 1977 **(A)**

23. આસામમાં જાહેર થયેલી NRCની અંતિમ યાદીમાં સમાવેશ ન પામેલા લોકો આ યાદીમાં સમાવેશ માટે શેમાં અપીલ કરી શકશે ?
(A) આસામ સરકારના ગૃહ મંત્રાલયમાં (B) આસામ સરકારના આવાસ મંત્રાલયમાં
(C) NRC ટ્રિબ્યુનલમાં (D) ફોરેનર્સ ટ્રિબ્યુનલમાં **(D)**

24. તાજેતરમાં ભારતમાં 'મોટર વાહન(સુધારા) બિલ 2019' દ્વારા કયા એક્ટમાં સુધારો કરવામાં આવ્યો છે ?
(A) મોટર વાહન એક્ટ, 1968 (B) મોટર વાહન એક્ટ, 1978
(C) મોટર વાહન એક્ટ, 1988 (D) મોટર વાહન એક્ટ, 1998 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

25. નવા 'મોટર વાહન એક્ટ 2019'માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભારતમાં ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બદલ મિનિમમ દંડ રૂ. 100થી વધારીને કેટલો કરવામાં આવ્યો છે ?

(A) રૂ. 200 (B) રૂ. 300 (C) રૂ. 500 (D) રૂ. 1000 **(C)**

26. નવા 'મોટર વાહન એક્ટ 2019'માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભારતમાં લાયસન્સ વિના વાહન ચલાવવા બદલ મિનિમમ દંડ રૂ. 500થી વધારીને કેટલો કરવામાં આવ્યો છે ?

(A) રૂ. 1000 (B) રૂ. 2000 (C) રૂ. 5000 (D) રૂ. 10,000 **(C)**

27. નવા 'મોટર વાહન એક્ટ 2019'માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભારતમાં સીટ બેલ્ટ વિના વાહન ચલાવવા બદલ મિનિમમ દંડ રૂ. 100થી વધારીને કેટલો કરવામાં આવ્યો છે ?

(A) રૂ. 1000 (B) રૂ. 2000 (C) રૂ. 5000 (D) રૂ. 10,000 **(A)**

28. નવા 'મોટર વાહન એક્ટ 2019'માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભારતમાં દારૂ પીને નશામાં ડ્રાઈવિંગ કરવા બદલ મિનિમમ દંડ રૂ. 2000થી વધારીને કેટલો કરવામાં આવ્યો છે ?

(A) રૂ. 1000 (B) રૂ. 2000 (C) રૂ. 5000 (D) રૂ. 10,000 **(D)**

29. નવા 'મોટર વાહન એક્ટ 2019'માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભારતમાં જોખમી અથવા તો ખતરનાક ડ્રાઈવિંગ કરવા બદલ મિનિમમ દંડ રૂ. 1000થી વધારીને કેટલો કરવામાં આવ્યો છે ?

(A) રૂ. 1000 (B) રૂ. 2000 (C) રૂ. 5000 (D) રૂ. 10,000 **(C)**

30. નવા 'મોટર વાહન એક્ટ 2019'માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભારતમાં રેસિંગ કરવા બદલ મિનિમમ દંડ રૂ. 500થી વધારીને કેટલો કરવામાં આવ્યો છે ?

(A) રૂ. 1000 (B) રૂ. 2000 (C) રૂ. 5000 (D) રૂ. 10,000 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

31. નવા 'મોટર વાહન એક્ટ 2019' અનુસાર સગીર બાળકો દ્વારા ટ્રાફીકના ગુનાની સ્થિતિમાં કયા દંડની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) આ માટે વાલી અથવા તો વાહનનો માલિક દોષી ગણાશે.

(B) ગુના બદલ રૂ. 25,000 દંડ તથા 3 વર્ષની કેદ

(C) મોટર વાહનની નોંધણી રદ થશે.

(D) ઉપરોક્ત ત્રણેય **(D)**

32. નવા 'મોટર વાહન એક્ટ 2019' અનુસાર હિટ એન્ડ રનના કેસમાં મૃત્યુ માટે અગાઉ આપવામાં આવતી વળતરની રકમ રૂ. 25,000થી વધારીને કેટલી કરવામાં આવી છે ?

(A) રૂ. 50,000 (B) રૂ. 1 લાખ (C) રૂ. 2 લાખ (D) રૂ. 3 લાખ **(C)**

## 2 SEPTEMBER, 2019 MONDAY

### ➤ ભારતના પાંચ રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂક



ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** તાજેતરમાં ભારતના **5 રાજ્યો**માં **નવા રાજ્યપાલ**ની નિમણૂક કરી છે.

- જેમાં તાજેતરમાં જ **હિમાચલ પ્રદેશ**ના રાજ્યપાલ તરીકે નિમણૂક પામેલા **શ્રી કલરાજ મિશ્રા**ની બદલી કરીને તેમને હવે **રાજસ્થાન**ના નવા રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- જ્યારે બાકીના **4 રાજ્યો**માં નવા રાજ્યપાલની નિમણૂક કરવામાં આવી છે.

**5 રાજ્યોમાં નવા રાજ્યપાલ**


| ક્રમ | રાજ્ય | નવા રાજ્યપાલ | કોની જગ્યાએ |
|---|---|---|---|
| 1 | રાજસ્થાન | શ્રી કલરાજ મિશ્રા | શ્રી કલ્યાણસિંહ |
| 2 | હિમાચલ પ્રદેશ | શ્રી બંડારુ દત્તાત્રેય | શ્રી કલરાજ મિશ્રા |
| 3 | મહારાષ્ટ્ર | શ્રી ભગતસિંહ કોશિયારી | શ્રી ચેન્નામનેની વિદ્યાસાગર રાવ |
| 4 | તેલંગાણા | સુશ્રી તામિલિસાઈ સુંદરરાજન | શ્રી ઈ.એસ. લક્ષ્મી નરસિમ્હન |
| 5 | કેરળ | શ્રી આરિફ મોહમ્મદ ખાન | શ્રી પલાની સ્વામી સથાશિવમ |

**નોંધ :** (1) તાજેતરમાં **કેરળ**ના નવા રાજ્યપાલ તરીકે નિમણૂક પામેલા **શ્રી આરિફ મોહમ્મદ ખાન** પ્રગતિશીલ મુસ્લિમ ચહેરા તરીકે ઓળખાય છે.

(2) કેટલાક મુસ્લિમ સમુદાયો જેનો વિરોધ કરે છે એવા ભારતના રાષ્ટ્રગીત **'વંદે માતરમ્'**નો **શ્રી આરિફ મોહમ્મદ ખાને ઉર્દૂમાં** અનુવાદ પણ કર્યો છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

શ્રી બંડારુ દત્તાત્રેય



શ્રી કલરાજ મિશ્રા



શ્રી આરિફ મોહમ્મદ ખાન



સુશ્રી તામિલિસાઈ સુંદરરાજન



શ્રી ભગતસિંહ કોશિયારી



# રાજ્યપાલ વિશે બંધારણીય જોગવાઈ

## રાજ્યપાલની નિમણૂક (Appointment of the Governor)

ભારતીય બંધારણના અનુચ્છેદ 155 અનુસાર ભારતના રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યપાલની નિમણૂક કરવામાં આવે છે.

- જેવી રીતે કેન્દ્રીય શાસન વ્યવસ્થાનું સૌથી મહત્ત્વપૂર્ણ અંગ 'રાષ્ટ્રપતિ' છે. તેવી જ રીતે રાજ્યનું મહત્ત્વપૂર્ણ પદ એટલે 'રાજ્યપાલ'.
- રાજ્યપાલ એ રાજ્ય વિધાનમંડળના સભ્ય નથી પરંતુ રાજ્ય વિધાનમંડળના અભિન્ન અંગ છે.
- મૂળ બંધારણના અનુચ્છેદ 153માં જોગવાઈ કરવામાં આવી છે કે દરેક રાજ્યના એક રાજ્યપાલ રહેશે.
- પરંતુ 7મા બંધારણીય સુધારા અધિનિયમ, 1956 દ્વારા તેમાં ઉમેરવામાં આવ્યું કે કોઈ એક જ વ્યક્તિને બે અથવા વધુ રાજ્યોના રાજ્યપાલ બનાવી શકાય છે.

## રાજ્યપાલનો કાર્યકાળ (Term of Office)

ભારતીય બંધારણના અનુચ્છેદ 156માં રાજ્યપાલ પદના કાર્યકાળ સંબંધિત જોગવાઈઓ કરવામાં આવી છે. જે અંતર્ગત મુખ્ય ત્રણ બાબતો સૂચવવામાં આવી છે :

(a) રાજ્યપાલ રાષ્ટ્રપતિની મરજી સુધી પોતાના પદ પર રહી શકે છે.

(b) સામાન્ય રીતે રાજ્યપાલ 5 વર્ષ સુધી પોતાના પદ પર રહી શકે છે અને જો કાર્યકાળ પૂરો થઈ ગયો હોય તો જ્યાં સુધી નવા રાજ્યપાલ કાર્યભાર ન સંભાળે ત્યાં સુધી પોતાના પદ પર રહે છે.

(c) જો રાજ્યપાલ પોતાની ઈચ્છાથી પદ મુક્ત થવા માગતા હોય તો તે પોતાનું લેખિતમાં રાજીનામું રાષ્ટ્રપતિને આપી શકે.

- રાજ્યપાલનું પદ એ રાષ્ટ્રપતિની મરજી અંતર્ગતનું પદ છે. જેનો અર્થ એ થાય કે 5 વર્ષનો કાર્યકાળ પૂરો થયા બાદ રાષ્ટ્રપતિ તે રાજ્યપાલને તે જ રાજ્યના કે અન્ય રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરી શકે છે. રાષ્ટ્રપતિ ઈચ્છે તો કાર્યકાળ પૂરો થાય તે પહેલા પણ અન્ય રાજ્યમાં બદલી કરી શકે છે.
- અહીં એ ખાસ યાદ રાખવું કે રાષ્ટ્રપતિની મરજીનો વાસ્તવિક અર્થ મંત્રીપરિષદની મરજી સુધી થાય કારણ કે રાજ્યપાલને પદ પરથી દૂર કરવાની સત્તાનો ઉપયોગ રાષ્ટ્રપતિ માત્ર મંત્રીપરિષદની સલાહથી જ કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યપાલ બનવા માટેની લાયકાત

- ભારતીય બંધારણના અનુચ્છેદ 157 અનુસાર જો કોઈ વ્યક્તિ નીચે મુજબની લાયકાત ધરાવતા હોય તો તે રાજ્યપાલ પદ પર બિરાજમાન થઈ શકે છે:

(a) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(b) તેમની ઉંમર 35 વર્ષથી વધુ હોવી જોઈએ.

(c) તેઓ સંસદ કે રાજ્ય વિધાનમંડળના કોઈપણ ગૃહના સભ્ય હોવા જોઈએ નહીં.

(d) તેઓ કેન્દ્ર કે રાજ્ય સરકાર અંતર્ગતની સેવાઓમાં લાભનું પદ ધરાવતા હોવા જોઈએ નહિ.

## રાજ્યપાલના વેતન અને ભથ્થા

ભારતીય બંધારણના અનુચ્છેદ 158માં રાજ્યપાલને મળવા પાત્ર વેતન અને અન્ય લાભો વિશેની જોગવાઈઓ કરવામાં આવી છે. જે આ પ્રમાણે છે :

- રાજ્યપાલના વેતન, ભથ્થા અને વિશેષાધિકાર દેશની સંસદ કાયદા દ્વારા નક્કી કરે તે પ્રમાણે મળશે. હાલમાં રાજ્યપાલનું વેતન **3 લાખ 50 હજાર** રૂપિયા પ્રતિમાસ છે.
- જો કોઈ વ્યક્તિની બે કે તેથી વધુ રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવે તો તેમને રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવતાં વેતન અને ભથ્થા મળશે.
- રાજ્યપાલને જે સરકારી આવાસ આપવામાં આવે છે. તે **'રાજભવન'** તરીકે ઓળખાય છે.

## રાજ્યપાલના વિશેષાધિકારો

- પોતાના પદ પર કાર્યરત હોય તે દરમિયાન રાજ્યપાલ દ્વારા લેવામાં આવતા નિર્ણયો કે સત્તાના ઉપયોગ બદલ તે કોઈપણ ન્યાયાલયને જવાબદાર નથી. અર્થાત્ તે બાબતે કોઈ ન્યાયિક પ્રક્રિયા થઈ શકે નહીં.
- જ્યારે રાજ્યપાલ પોતાના પદ પર કાર્યરત હોય ત્યારે તેમની ધરપકડ કે જેલ અંગેનો આદેશ આપવાની સત્તા કોઈ ન્યાયાલયને નથી.
- રાજ્યપાલને હોદ્દા પર હોય ત્યારે કાનૂની કાર્યવાહીથી છૂટ આપવામાં આવી છે. તેમના વિરુદ્ધ કોઈ કાર્યવાહી શરૂ કરી શકાતી નથી કે પહેલાથી ચાલુ કાર્યવાહીને ચાલુ રાખી શકાશે નહીં.
- અનુચ્છેદ–361(4)માં જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યપાલના વ્યક્તિગત કાર્યો વિરુદ્ધ ન્યાયાલયમાં દીવાની કાર્યવાહી કરી શકાય છે. પરંતુ તે માટે નીચે પ્રમાણેની ત્રણ અગત્યની બાબતો ધ્યાને લેવામાં આવે છે:
  (a) તે અંગેની લેખિત સૂચના રાજ્યપાલને આપવી જરૂરી છે.
  (b) આ સૂચના આપ્યા બાદ ઓછામાં ઓછા બે મહિનાનો સમય આપવો આવશ્યક છે.
  (c) સૂચનામાં સૂચના આપનાર વ્યક્તિનું નામ, સરનામું, કાર્યવાહી અને માંગવામાં આવેલ ન્યાય અંગેનું વિવરણ હોવું જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યપાલ વિશે મહત્ત્વના અનુચ્છેદ

| ક્રમ | અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|---|
| 1 | અનુચ્છેદ 153 | રાજ્યોના રાજ્યપાલ |
| 2 | અનુચ્છેદ 154 | રાજ્યપાલની કારોબારી સત્તા |
| 3 | અનુચ્છેદ 155 | રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ કરશે |
| 4 | અનુચ્છેદ 156 | રાજ્યપાલનો કાર્યકાળ |
| 5 | અનુચ્છેદ 157 | રાજ્યપાલ બનવાની લાયકાત |
| 6 | અનુચ્છેદ 158 | રાજ્યપાલ પદની અન્ય શરતો |
| 7 | અનુચ્છેદ 159 | રાજ્યપાલના શપથ |
| 8 | અનુચ્છેદ 160 | કેટલાક આકસ્મિક સંજોગોમાં રાજ્યપાલના કાર્યોનું વિતરણ |
| 9 | અનુચ્છેદ 161 | રાજ્યપાલની સજા ક્ષમાદાન શક્તિ |
| 10 | અનુચ્છેદ 162 | રાજ્યની કારોબારી સત્તાનો વિસ્તાર |

## ➤ હજીરા-બાન્દ્રા વચ્ચે પેસેન્જર ફેરી સર્વિસને સૈદ્ધાંતિક મંજૂરી

ગુજરાતમાં હાલ ગુજરાતના <u>ભાવનગર</u> જિલ્લાના <u>ઘોઘા</u> અને <u>ભરૂચ</u> જિલ્લાના <u>દહેજ</u> વચ્ચે દરિયાઈ માર્ગે <u>**'ઘોઘા-દહેજ રો રો ફેરી સર્વિસ'**</u> ચાલી રહી છે.




- ગુજરાતમાં હવે ગુજરાતના <u>સુરત</u> જિલ્લાના <u>હજીરાથી</u> મહારાષ્ટ્રના <u>મુંબઈ</u>ના <u>બાંદ્રા</u> વચ્ચે દરિયાઈ માર્ગે <u>**'હજીરા-બાંદ્રા પેસેન્જર ફેરી સર્વિસ'**</u> શરૂ કરવા માટે ગુજરાતના મુખ્યમંત્રી <u>**શ્રી વિજયભાઈ રૂપાણી**</u>એ આ અંગેની સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે.
- આ સેવાનો પ્રારંભ <u>**નવેમ્બર 2019**</u>થી થશે.
- <u>**SSR મરીન સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ**</u> નામની કંપની દ્વારા આ ફેરી સર્વિસનું સંચાલન કરવામાં આવશે.
- આ ફેરી માટેના દરિયાઈ જહાજમાં 300 મુસાફરોની ક્ષમતા સાથે વિદેશી ક્રુઝ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ હશે.
- આ જહાજ ફુલ્લી એરકન્ડીશન્ડ હોવા ઉપરાંત તેમાં 20 રૂમની સગવડ પણ રહેશે.
- પ્રારંભિક તબક્કે આ સર્વિસ <u>**અઠવાડિયામાં એક વખત**</u> ઉપલબ્ધ થશે. ત્યારબાદ ટ્રાફિકને ધ્યાનમાં રાખીને તેને નિયમિતરૂપે કાર્યરત કરાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

STI/PI MAINS

ફ્રી ટ્રાયલ લેક્ચર

નવી બેચ શરૂ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

રાજકોટ
93757-01110 / 93280-01110
રજિસ્ટ્રેશન ફરજિયાત

## ➤ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું 'શાસન રત્ન એવોર્ડ'થી સન્માન




શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું 'શાસન રત્ન એવોર્ડ'થી સન્માન કરવામાં આવ્યું છે.

- આ અંતર્ગત મુંબઈ ખાતે યોજાયેલા એક સમારોહમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક ગુરૂદેવ શ્રી રાકેશભાઈ ઝવેરી દ્વારા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.
- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શ્રીમદ્ રાજચંદ્ર મિશન દ્વારા ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે નિર્માણ પામેલા 'શ્રીમદ્ રાજચંદ્ર એનિમલ નર્સિંગ હોમ'નું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું.
- આ ઉપરાંત તેમણે ગુરૂદેવ શ્રી રાકેશભાઈ ઝવેરીના પુસ્તક 'ભગવાન મહાવીરના મંગલમય સિદ્ધાંતો'ના હિન્દી-ગુજરાતી-અંગ્રેજી વર્ઝન અને CDનું વિમોચન પણ કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. તાજેતરમાં 1 સપ્ટેમ્બર 2019ના રોજ રાજસ્થાનના નવા રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) સુશ્રી તામિલિસાઈ સુંદરરાજન (B) શ્રી બંડારુ દત્તાત્રેય
   (C) શ્રી કલરાજ મિશ્રા (D) શ્રી આરિફ મોહમ્મદ ખાન **(C)**

2. તાજેતરમાં 1 સપ્ટેમ્બર 2019ના રોજ હિમાચલ પ્રદેશના નવા રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) સુશ્રી તામિલિસાઈ સુંદરરાજન (B) શ્રી બંડારુ દત્તાત્રેય
   (C) શ્રી કલરાજ મિશ્રા (D) શ્રી આરિફ મોહમ્મદ ખાન **(B)**

3. તાજેતરમાં 1 સપ્ટેમ્બર 2019ના રોજ તેલંગાણાના નવા રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી ઈ.એસ.એલ નરસિમ્હન (B) શ્રી પલાની સ્વામી સથાસિવમ
   (C) સુશ્રી તામિલિસાઈ સુંદરરાજન (D) શ્રી આરિફ મોહમ્મદ ખાન **(C)**

4. તાજેતરમાં 1 સપ્ટેમ્બર 2019ના રોજ મહારાષ્ટ્રના નવા રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી ઈ.એસ.એલ. નરસિમ્હન (B) શ્રી પલાની સ્વામી સથાસિવમ
(C) સુશ્રી તામિલિસાઈ સુંદરરાજન (D) શ્રી ભગતસિંહ કોશિયારી (D)

5. તાજેતરમાં 1 સપ્ટેમ્બર 2019ના રોજ કેરળના નવા રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) સુશ્રી તામિલિસાઈ સુંદરરાજન (B) શ્રી બંડારુ દત્તાત્રેય
(C) શ્રી કલરાજ મિશ્રા (D) શ્રી આરિફ મોહમ્મદ ખાન (D)

6. ભારતના રાષ્ટ્રગીત 'વંદેમાતરમ્'નો ઉર્દૂ ભાષામાં અનુવાદ કરનાર મહાનુભાવનું નામ શું છે ?
(A) ડો. ઝાકીર હુસેન (B) ડો. અબ્દુલ કાદરી બુખારી
(C) શ્રી ઈકબાલ મોહમ્મદ ખાન (D) શ્રી આરિફ મોહમ્મદ ખાન (D)

7. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગુજરાત-મહારાષ્ટ્ર વચ્ચે કઈ પેસેન્જર ફેરી સર્વિસ શરૂ કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે ?
(A) ઘોઘા-બાંદ્રા (B) દહેજ-બાંદ્રા (C) હજીરા-બાંદ્રા (D) અલંગ-બાંદ્રા (C)

8. ગુજરાતના કયા જિલ્લાના હજીરાથી મહારાષ્ટ્રના મુંબઈના બાંદ્રા વચ્ચે દરિયાઈ માર્ગે પેસેન્જર ફેરી સર્વિસ શરૂ કરવા માટે તાજેતરમાં મંજૂરી આપવામાં આવી છે ?
(A) વલસાડ (B) સુરત (C) ભાવનગર (D) પોરબંદર (B)

9. તાજેતરમાં કઈ જગ્યાએ યોજાયેલા એક સમારોહમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને 'શાસન રત્ન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) ધરમપુર (B) ગાંધીનગર (C) દિલ્હી (D) મુંબઈ (D)

10. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા યોજાયેલા એક સમારોહમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને 'શાસન રત્ન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) શ્રીમદ્ રાજચંદ્ર મિશન અમદાવાદ (B) શ્રીમદ્ રાજચંદ્ર મિશન ગાંધીનગર
(C) શ્રીમદ્ રાજચંદ્ર મિશન મુંબઈ (D) શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર (D)

11. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગુજરાતમાં કઈ જગ્યાએ નિર્માણ પામેલા 'એનિમલ નર્સિંગ હોમ' અથવા તો 'શ્રીમદ્ રાજચંદ્ર એનિમલ નર્સિંગ હોમ'નું મુંબઈ ખાતેથી વર્ચ્યુઅલ લોકાર્પણ કરાવ્યું છે ?
(A) હજીરા (B) ધરમપુર (C) રાજકોટ (D) સુરત (B)

12. શ્રી બંડારુ દત્તાત્રેયની તાજેતરમાં ભારતના કયા રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે ?
(A) હિમાચલ પ્રદેશ (B) મહારાષ્ટ્ર (C) તમિલનાડુ (D) કર્ણાટક (A)

13. તમિલનાડુના પ્રસિદ્ધ મહિલા નેતા ડો. તામિલિસાઈ સુંદરરાજનની તાજેતરમાં ભારતના કયા રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે ?
(A) આંધ્રપ્રદેશ (B) તેલંગાણા (C) કર્ણાટક (D) તમિલનાડુ (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ભારતનો સાંસ્કૃતિક વારસો

GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ પરીક્ષાલક્ષી પુસ્તક


સાંસ્કૃતિક વારસા સંબંધિત મહત્ત્વની વર્તમાન ઘટનાઓનો સમાવેશ

નૃત્ય, સંગીત, નાટ્ય, શિલ્પ, ચિત્ર, સ્થાપત્ય વગેરે કળાઓનો પરીક્ષાલક્ષી અભ્યાસ

સંભવિત પ્રશ્નોને ધ્યાનમાં રાખીને તૈયાર થયેલું કન્ટેન્ટ

Available at amazon

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



વધુ માહિતી માટે CALL 93753-01110

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## 3 SEPTEMBER, 2019 TUESDAY

### ➤ દિવસ મહિમા : ભાદરવા સુદ પાંચમ, ઋષિ પંચમી



ભારતમાં દર વર્ષે ભાદરવા સુદ પાંચમ 'ઋષિ પાંચમ' અથવા તો 'ઋષિ પંચમી' તરીકે ઉજવાય છે.

- ઋષિ પંચમીના દિવસે સપ્ત ઋષિયો પ્રત્યે શ્રદ્ધા ભાવ વ્યક્ત કરવામાં આવે છે.
- ભારતના પ્રસિદ્ધ સપ્ત ઋષિયોમાં (1) કશ્યપ (2) અત્રિ (3) ભારદ્વાજ (4) વિશ્વામિત્ર (5) ગૌતમ (6) જમદગ્નિ અને (7) વશિષ્ઠ ઋષિનો સમાવેશ થાય છે.
- ઋષિ પંચમીની ઉજવણી ગણેશ ચતુર્થીના પછીના દિવસે કરવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ 'સ્વચ્છ ભારત અભિયાન' બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું અમેરિકામાં સન્માન થશે



વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના અમેરિકાના આગામી પ્રવાસ દરમિયાન તેમને **અમેરિકા**માં સન્માનિત કરવામાં આવશે.

- ભારતમાં **'સ્વચ્છ ભારત અભિયાન'** શરૂ કરવા બદલ અમેરિકાના **'Bill & Melinda Gates Foundation'** દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું આ સન્માન કરવામાં આવશે.
- ભારતના કેન્દ્રીય મંત્રી શ્રી જીતેન્દ્ર સિંહે તાજેતરમાં ટ્વીટ કરીને આ માહિતી આપી હતી.

**નોંધ :** (1) શ્રી બિલ ગેટ્સ અને શ્રીમતી મેલિન્ડા ગેટ્સ દ્વારા વર્ષ 2000માં 'Bill & Melinda Gates Foundation'ની સ્થાપના કરવામાં આવી હતી.

(2) તેનું વડું મથક અમેરિકાના સીએટલ ખાતે આવેલું છે.

(3) વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ ભારતમાં **2 ઓક્ટોબર, 2014**ના રોજ **નવી દિલ્હી**ના **રાજઘાટ** ખાતેથી **'સ્વચ્છ ભારત અભિયાન'**નો પ્રારંભ કરાવ્યો હતો.

## ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'ગરવી ગુજરાત ભવન'નું લોકાર્પણ

2 સપ્ટેમ્બર, 2019ને **ગણેશ ચતુર્થી**ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** દ્વારા **નવી દિલ્હી** ખાતે ગુજરાતના રાજ્ય ભવન **'ગરવી ગુજરાત ભવન'**નું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

- પોતાના દિલ્હીના પ્રવાસ દરમિયાન ગુજરાતના નાગરિકો આ ભવનમાં રોકાઈ શકશે અને ગુજરાતી વ્યંજનોનો આસ્વાદ પણ માણી શકશે.

### નવા ભવનની વિશેષતા

1. ગુજરાત સરકાર દ્વારા આશરે **રૂ. 131 કરોડ**ના ખર્ચે નિર્માણ પામેલા આ ભવનને **'ગરવી ગુજરાત ભવન'** નામ આપવામાં આવ્યું છે.
2. ભારતની રાજધાની **દિલ્હી**માં નિર્માણ પામેલું આ **પ્રથમ ઈકો-ફ્રેન્ડલી રાજ્ય ભવન** છે.
3. દિલ્હીમાં **અકબર રોડ** પર આ ભવન આવેલું છે.
4. **રાજસ્થાનના ધોલપુરના પથ્થરો**થી આ **7 માળ**ના નયનરમ્ય ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે.
5. **બે વર્ષ** પહેલા આ ભવનના પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત થયું હતું. અને સમયથી **ત્રણ મહિના પહેલાં** તેનું ઉદ્ઘાટન થયું છે.
6. વિવિધ થીમ આધારિત 78 કે 79 રૂમ, 2000 લોકો એક સાથે બેસી શકે એટલો મોટો હોલ, યોગ અને જિમ તથા લાઈબ્રેરી, રેસ્ટોરન્ટ, ડાઈનિંગ હોલ, ટેરેસ ગાર્ડન અને મ્યુઝિયમ ગેલેરી વગેરે સુવિધા.
7. **પરંપરાગત તથા નૂતન વાસ્તુકલાના મિશ્રણ**થી તૈયાર થયેલા આ ભવનમાં ગુજરાતના ભાતીગળ સાંસ્કૃતિક વારસાના દર્શન થાય છે.





## ➤ Safe Cities Index 2019

The Economist Intelligence Unit દ્વારા તાજેતરમાં 'Safe Cities Index 2019' પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

- આ ઈન્ડેક્ષમાં સમગ્ર વિશ્વના સૌથી સલામત 60 મોટા શહેરોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.
- આ યાદીમાં જાપાનનું ટોક્યો સતત ત્રીજી વખત પ્રથમ ક્રમે છે.
- ટોક્યો બાદ સિંગાપોર બીજા અને ઓસાકા ત્રીજા ક્રમે છે. જ્યારે લાગોસ અંતિમ 60મા ક્રમે છે.
- આ 60 શહેરોની યાદીમાં ભારતના બે શહેરોનો સમાવેશ થયો છે. જેમાં મુંબઈ 45મા અને નવી દિલ્હી 52મા ક્રમે છે.
- આ ઈન્ડેક્ષમાં વિવિધ 57 ઈન્ડીકેટર્સના આધારે ડિજિટલ સિક્યુરિટી, હેલ્થ સિક્યુરિટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિક્યુરિટી, પર્સનલ સિક્યુરિટી અને ઓવરઓલ સ્કોર એમ કુલ પાંચ કેટેગરીમાં વિશ્વના મોટા 60 શહેરોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

**Safe Cities Index 2019 Rank**


| ક્રમ | શહેર | દેશ |
|---|---|---|
| 1 | ટોક્યો | જાપાન |
| 2 | સિંગાપોર | સિંગાપોર |
| 3 | ઓસાકા | જાપાન |
| 45 | મુંબઈ | ભારત |
| 52 | દિલ્હી | ભારત |
| 56 | ઢાકા | બાંગ્લાદેશ |
| 57 | કરાચી | પાકિસ્તાન |
| 58 | રંગૂન | મ્યાનમાર |
| 60 | લાગોસ | નાઈજીરિયા |





ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** ઉપરોક્ત યાદીમાં ભારતના શહેરોમાં મુંબઈ પ્રથમ અને નવી દિલ્હી બીજા ક્રમે છે.



## ICE Questions

1. ભારતમાં દર વર્ષે કઈ પાંચમ ઋષિ પંચમી તરીકે ઉજવાય છે ?
(A) શ્રાવણ વદ પાંચમ (B) શ્રાવણ સુદ પાંચમ (C) ભાદરવા વદ પાંચમ (D) ભાદરવા સુદ પાંચમ **(D)**

2. ભારતના પ્રસિદ્ધ સપ્ત ઋષિમાં અથવા તો સપ્તર્ષિમાં નીચેનામાંથી કયા ઋષિનો સમાવેશ થતો નથી ?
(A) મહર્ષિ વાલ્મિકી (B) મહર્ષિ વશિષ્ઠ (C) મહર્ષિ વિશ્વામિત્ર (D) મહર્ષિ ભારદ્વાજ **(A)**

3. 'સ્વચ્છ ભારત અભિયાન' બદલ કયા દેશમાં અથવા તો કયા દેશના ફાઉન્ડેશન દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે ?
(A) બ્રિટન (B) ફ્રાન્સ (C) રશિયા (D) અમેરિકા **(D)**

4. 'સ્વચ્છ ભારત અભિયાન' બદલ અમેરિકાના કયા ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે ?
(A) બિલ ક્લિન્ટન ફાઉન્ડેશન (B) મેલિન્ડા ક્લિન્ટન ફાઉન્ડેશન
(C) બિલ એન્ડ મેલિન્ડા ક્લિન્ટન ફાઉન્ડેશન (D) બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન **(D)**

5. 2 સપ્ટેમ્બર, 2019ને ગણેશ ચતુર્થીના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીમાં કયા રાજ્યના રાજ્ય ભવનનું લોકાર્પણ કર્યું હતું ?
(A) ઉત્તરપ્રદેશ (B) મહારાષ્ટ્ર (C) આસામ (D) ગુજરાત **(D)**

6. 2 સપ્ટેમ્બર, 2019ને ગણેશ ચતુર્થીના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીમાં ગુજરાતના કયા ભવનનું લોકાર્પણ કર્યું હતું ?
(A) ગુજરાત ગૌરવ ભવન (B) ગરવી ગુજરાત ભવન
(C) ગુર્જર ગૌરવ ભવન (D) ગૌરવ ગુર્જર ભવન **(B)**

7. ભારતની રાજધાની દિલ્હીમાં નિર્માણ પામેલું પ્રથમ ઈકો-ફ્રેન્ડલી રાજ્ય ભવન કયા રાજ્યનું છે ?
(A) ગુજરાત (B) તેલંગાણા (C) પંજાબ (D) હરિયાણા **(A)**

8. નવી દિલ્હી ખાતે તાજેતરમાં નિર્માણ પામેલું સાત માળનું ગુજરાતનું 'ગરવી ગુજરાત ભવન' દિલ્હીના કયા માર્ગ પર આવેલું છે ?
(A) મોતીલાલ નહેરુ માર્ગ (B) કામરાજ રોડ (C) અકબર રોડ (D) શેરશાહ રોડ **(C)**

9. ધ ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'સેઈફ સિટીઝ ઈન્ડેક્ષ 2019' અનુસાર વિશ્વનું સૌથી સલામત શહેર કયું છે ?
(A) સિંગાપોર (B) વોશિંગ્ટન (C) ટોક્યો (D) પેરિસ **(C)**

10. 'સેઈફ સિટીઝ ઈન્ડેક્ષ 2019'માં ભારતના શહેરોમાં કયું શહેર પ્રથમ ક્રમે છે ?
(A) મુંબઈ (B) નવી દિલ્હી (C) બેંગાલુરુ (D) કોલકાતા **(A)**

11. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'સેઈફ સિટીઝ ઈન્ડેક્ષ 2019'માં કુલ 60 શહેરોની યાદીમાં ભારતનું મુંબઈ કયા ક્રમે છે ?
(A) 34મા (B) 40મા (C) 45મા (D) 52મા **(C)**

12. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'સેઈફ સિટીઝ ઈન્ડેક્ષ 2019'માં કુલ 60 શહેરોની યાદીમાં ભારતનું દિલ્હી કયા ક્રમે છે ?
(A) 50મા (B) 52મા (C) 53મા (D) 54મા **(B)**

**4 SEPTEMBER, 2019 WEDNESDAY**

## ➢ SABKA VISHWAS SCHEME, 2019

તાજેતરમાં ભારતમાં કર વિવાદોના સંપૂર્ણ સમાધાન માટે કેન્દ્ર સરકારે 'SABKA VISHWAS (Legacy Dispute Resolution) SCHEME, 2019' નામની એક યોજના લોન્ચ કરી છે.

- આ યોજના ભારતમાં 1 સપ્ટેમ્બર 2019થી 31 ડિસેમ્બર 2019 સુધી અમલમાં રહેશે.
- ભારતમાં Service Tax અને Central Excise અંગેના વિવાદોના સમાધાન માટે લોન્ચ કરવામાં આવેલી આ યોજનાનો લાભ લેનાર વ્યક્તિને વ્યાજ અને દંડમાંથી સંપૂર્ણ છૂટ આપવામાં આવશે તેમજ કાયદાકીય કાર્યવાહીમાંથી મુક્તિ આપવામાં આવશે.
- આ યોજના અંતર્ગત મુકદમા, અપીલ, તપાસ, સંશોધન અને લેખા-પરીક્ષણ આપવા વગેરે જેવી બાબતોમાં–
  - (1) રૂ. 50 લાખ સુધીની ડ્યૂટી પર ડ્યૂટીની ફક્ત 30 ટકા રકમ જ ચૂકવવાની રહેશે.
  - (2) જ્યારે રૂ. 50 લાખથી વધુ ડ્યૂટી પર ડ્યૂટીની ફક્ત 50 ટકા રકમ જ ચૂકવવાની રહેશે.
- આ યોજના અંતર્ગત બાકીનો ટેક્સ આપવાની બાબતમાં –
  - (1) રૂ. 50 લાખ સુધીની ડ્યૂટી પર ડ્યૂટીની ફક્ત 40 ટકા રકમ જ ચૂકવવાની રહેશે.
  - (2) જ્યારે રૂ. 50 લાખથી વધુ ડ્યૂટી પર ડ્યૂટીની ફક્ત 60 ટકા રકમ જ ચૂકવવાની રહેશે.

**નોંધ :** આ યોજનાનો લાભ લેવા માટે www.cbic-gst.gov.in પર આ યોજનાની સંપૂર્ણ વિગતો આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## ➢ તાજેતરમાં ચર્ચામાં રહેલ 'કાયઝાલા' એપ શું છે ?

ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં પ્રાથમિક શાળાના શિક્ષકો નિયમિત રીતે સ્કૂલમાં હાજરી આપે એ સુનિશ્ચિત કરવા માટે તાજેતરમાં એક નિર્ણય કરવામાં આવ્યો હતો.

- આ નિર્ણય અંતર્ગત ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગે ગુજરાતના તમામ પ્રાથમિક શિક્ષકોને 'કાયઝાલા' (Kaizala) નામની એક મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા સૂચના આપી હતી.
- અને કાયઝાલા નામની આ એપ્લિકેશનના માધ્યમથી ગુજરાતની પ્રાથમિક શાળાના શિક્ષકોની રોજે રોજ સેલ્ફિ પાડીને ફરજિયાત હાજરી લેવાનું નક્કી થયું હતું.

Kaizala

- જોકે, શિક્ષકો તથા શિક્ષક સંઘો દ્વારા આ એપનો ભારે વિરોધ થતાં સરકારે પ્રાથમિક શાળાના શિક્ષકોની હાજરી પૂરવા માટે **'કાયઝાલા એપ'**નો ઉપયોગ કરવાનો નિર્ણય હાલ મોકૂફ રાખ્યો છે.
- હવે, સરકાર ફિંગર પ્રિન્ટ જેવા કોઈ અન્ય વિકલ્પ દ્વારા પ્રાથમિક શાળાના શિક્ષકોની ફરજિયાત હાજરી લેવાનું વિચારી રહી છે.

**નોંધ :** તાજેતરમાં ચર્ચામાં રહેલ Kaizala Appનું નિર્માણ Microsoft અથવા તો Microsoft Corporation નામની કંપની દ્વારા કરવામાં આવ્યું છે.

## ➤ વિશ્વના સૌથી ઘાતક યુદ્ધ હેલિકોપ્ટર તરીકે ઓળખાતા 8 અપાચે હેલિકોપ્ટર ભારતીય સેનામાં સામેલ

3 સપ્ટેમ્બર, 2019ના રોજ ભારતના **એર ચીફ માર્શલ શ્રી બી.એસ. ધનોઆ**ની ઉપસ્થિતિમાં ભારતમાં **પંજાબ**ના **પઠાણકોટ એરબેઝ** ખાતેથી **8 અપાચે હેલિકોપ્ટર** ભારતીય સેનામાં સામેલ કરવામાં આવ્યા છે.

- વિશ્વના સૌથી ઘાતક યુદ્ધ હેલિકોપ્ટર તરીકે ઓળખાતા આ અપાચે હેલિકોપ્ટરથી ભારતીય એરફોર્સની યુદ્ધ ક્ષમતામાં વધારો થશે.

### અપાચે હેલિકોપ્ટર માટે ભારત-અમેરિકા ડીલ

- આ અગાઉ **સપ્ટેમ્બર 2015**માં અમેરિકા પાસેથી આશરે **રૂ. 4168 કરોડ**માં **22 અપાચે હેલિકોપ્ટર** ખરીદવા માટે **ભારત અને અમેરિકા** વચ્ચે એક સોદા પર હસ્તાક્ષર થયા હતા.
- આ અંતર્ગત **અમેરિકા**ની **બોઈંગ કંપની** દ્વારા તાજેતરમાં ભારતને આ 8 હેલિકોપ્ટર સોંપવામાં આવ્યા હતા.
- બાકીના તમામ હેલિકોપ્ટર **2020** સુધીમાં ભારતીય સેનામાં સામેલ થઈ જશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## અપાચે હેલિકોપ્ટરની વિશેષતા

1. આ હેલિકોપ્ટરનું નામ 'AH-64E apache Gardian Helicopter' છે.
2. અમેરિકાની **બોઈંગ (Boeing)** નામની કંપની દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
3. અપાચે વિશ્વનું સૌથી ઘાતક **ફાઈટર** અથવા તો **એટેક હેલિકોપ્ટર** છે. તે એડવાન્સ **મલ્ટિ રોલ ફાઈટર હેલિકોપ્ટર** છે.
4. આ હેલિકોપ્ટર દુશ્મન દેશની ઘેરાબંધીને ભેદીને સચોટ હુમલો કરવા માટે સક્ષમ છે. તેને રડારમાં પકડવું મુશ્કેલ છે.
5. આ હેલિકોપ્ટર યુદ્ધગ્રસ્ત વિસ્તારની **તસ્વીર** લેવામાં પણ સક્ષમ છે.
6. **બે એન્જિનવાળા** આ હેલિકોપ્ટરમાં **બે પાયલટ** બેસી શકે છે.
7. આ હેલિકોપ્ટરનું વજન 5165 કિલોગ્રામ છે અને તે આશરે 280થી 365 કિમી. પ્રતિ કલાકની ઝડપથી ઉડી શકે છે.
8. પહાડી વિસ્તારોમાં ઓપરેશન માટે તેમજ રાત્રીના સમયે ઉડાન ભરવા માટે પણ આ હેલિકોપ્ટર સક્ષમ છે.
9. આ હેલિકોપ્ટરની બંને બાજુ **30 mm**ની **બે ગન** પણ લાગેલી હોય છે. આ ઉપરાંત તેમાં તીવ્ર વિસ્ફોટકો ભરેલી **હેલિફાયર** અને **સ્ટ્રિંગર મિસાઈલો** પણ લગાવાયેલી છે.

## અપાચે હેલિકોપ્ટરનો ઈતિહાસ

- આ હેલિકોપ્ટરે **1975**માં તેની પ્રથમ ઉડાન ભરી હતી. અને **1986**માં તેને **અમેરિકા**ની સેનામાં સામેલ કરવામાં આવ્યું હતું.
- અમેરિકાએ આતંકી ઓસામા બિન લાદેનને ખતમ કરવા માટે આ હેલિકોપ્ટરનો ઉપયોગ કર્યો હતો.
- અમેરિકાએ ભારત અગાઉ ગ્રીસ, ઈન્ડોનેશિયા, જાપાન, ઈઝરાયેલ, કુવૈત, નેધરલેન્ડ, કતાર, સાઉદી અરેબિયા, સિંગાપોર વગેરે દેશોને આ હેલિકોપ્ટર વેચ્યા છે.

**નોંધ :** (1) ભારત અપાચે હેલિકોપ્ટરનો ઉપયોગ કરનાર વિશ્વનો **14મો દેશ** હોવાનું કહેવાય છે.

(2) અમેરિકાની **બોઈંગ** કંપની દ્વારા 11 મે, 2019ના રોજ અમેરિકાના **એરિઝોના** રાજ્યના **મેસા** નામના શહેરમાં આવેલા કંપનીના પ્રોડક્શન યુનિટમાંથી ભારતને **પ્રથમ** અપાચે હેલિકોપ્ટર સોંપવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ભારતમાં સર્વિસ ટેક્ષ અને સેન્ટ્રલ એક્સાઈઝ અંગેના વિવાદોના સંપૂર્ણ સમાધાન માટે કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં 1 સપ્ટેમ્બર, 2019ના રોજ કઈ યોજના લોન્ચ કરવામાં આવી છે ?
(A) સબકા સાથ યોજના (B) સબકી સહાય યોજના
(C) સંપૂર્ણ સમાધાન યોજના (D) સબકા વિશ્વાસ યોજના **(D)**

2. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલી 'સબકા વિશ્વાસ યોજના'નું પૂરું નામ શું છે ?
(A) SABKA VISHWAS (Legacy Dispute Resolution) SCHEME, 2019
(B) SABKA VISHWAS (Legacy) SCHEME, 2019
(C) SABKA VISHWAS (Legacy Dispute) SCHEME, 2019
(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

3. ભારત સરકાર દ્વારા કયા ટેક્સ અંગેના વિવાદોના સંપૂર્ણ સમાધાન માટે તાજેતરમાં 'સબકા વિશ્વાસ યોજના' લોન્ચ કરવામાં આવી છે ?
(A) સર્વિસ ટેક્ષ (B) સેન્ટ્રલ એક્સાઈઝ (C) ઉપરોક્ત બંને (D) બેમાંથી એકપણ નહિ **(C)**

4. ભારતમાં કર વિવાદોના સંપૂર્ણ સમાધાન માટે કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલી 'સબકા વિશ્વાસ યોજના' 1 સપ્ટેમ્બર, 2019થી કયાં સુધી અમલમાં રહેશે ?
(A) 1 ડિસેમ્બર, 2019 (B) 31 ડિસેમ્બર, 2019 (C) 1 જાન્યુઆરી, 2020 (D) 31 જાન્યુઆરી, 2020 **(B)**

5. તાજેતરમાં ચર્ચામાં રહેલી કાયઝાલા મોબાઈલ એપનું નિર્માણ કઈ કંપની દ્વારા કરવામાં આવ્યું છે ?
(A) ગૂગલ (B) માઈક્રોસોફ્ટ (C) ઓરેકલ (D) HCL **(B)**

6. તાજેતરમાં ગુજરાત સરકારે કઈ મોબાઈલ એપ દ્વારા ગુજરાતની પ્રાથમિક શાળાના શિક્ષકોની હાજરી ફરજિયાત કરતા વિવાદ સર્જાયો હતો ?
(A) Trello (B) Wunderlist (C) Kaizala (D) Producteev **(C)**

7. તાજેતરમાં 3 સપ્ટેમ્બર, 2019ના રોજ કુલ કેટલા અપાચે હેલિકોપ્ટર ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યા છે ?
(A) 4 (B) 6 (C) 8 (D) 12 **(C)**

8. તાજેતરમાં 3 સપ્ટેમ્બર, 2019ના રોજ ભારતના કયા એરબેઝ ખાતેથી 8 અપાચે હેલિકોપ્ટર ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યા છે ?
(A) પઠાણકોટ (B) અવંતિપુર (C) ગાઝિયાબાદ (D) બેંગાલુરુ **(A)**

9. તાજેતરમાં 3 સપ્ટેમ્બર, 2019ના રોજ ભારતમાં પંજાબના પઠાણકોટ એરબેઝ ખાતે અમેરિકન બનાવટના કયા 8 હેલિકોપ્ટર ભારતીય એરફોર્સમાં સામેલ કરવામાં આવ્યા છે ?
(A) વોરિયર (B) ચિનૂક (C) અપાચે (D) ઓર્ડિનરી **(C)**

10. તાજેતરમાં ભારતીય એરફોર્સમાં કયા 8 અપાચે હેલિકોપ્ટર સામેલ કરવામાં આવ્યા છે ?
(A) AH-64A અપાચે હેલિકોપ્ટર (B) AH-64B અપાચે હેલિકોપ્ટર
(C) AH-64C અપાચે હેલિકોપ્ટર (D) AH-64E અપાચે હેલિકોપ્ટર **(D)**

11. ભારતીય વાયુસેના માટે અપાચે હેલિકોપ્ટર ખરીદવા માટે ભારત અને અમેરિકા વચ્ચે કયારે કરાર થયા હતા ?
(A) સપ્ટેમ્બર 2013 (B) સપ્ટેમ્બર 2014 (C) સપ્ટેમ્બર 2015 (D) સપ્ટેમ્બર 2016 **(C)**

12. સપ્ટેમ્બર 2015માં કેટલા અપાચે હેલિકોપ્ટર ખરીદવા માટે ભારતે અમેરિકા સાથે કરાર કર્યા હતા ?
(A) 20 (B) 22 (C) 24 (D) 26 **(B)**

13. અમેરિકાની કઈ કંપની દ્વારા અપાચે હેલિકોપ્ટરનું નિર્માણ કરવામાં આવે છે ?
(A) લોકહીડ માર્ટિન (B) બોઈંગ
(C) જનરલ ડાયનેમિક્સ (D) BAE સિસ્ટમ્સ **(B)**

14. તાજેતરમાં અમેરિકાના કયા શહેરમાં આવેલા બોઈંગ કંપનીના પ્રોડક્શન યુનિટમાં ભારતને પ્રથમ અપાચે હેલિકોપ્ટર સોંપવામાં આવ્યું હતું ?
(A) બોસ્ટન (B) સીએટલ (C) મિયામી (D) મેસા **(D)**

15. 'AH-64 E Apache Gardian Helicopter'ની વિશેષતાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તે મલ્ટિ રોલ ફાઈટર (અથવા યુદ્ધ અથવા તો એટેક) હેલિકોપ્ટર છે.
2. તે બે એન્જિન ધરાવે છે.
3. તેમાં બે પાયલટના સિટિંગની વ્યવસ્થા છે.
4. અમેરિકાએ પાકિસ્તાનને આવા 4 હેલિકોપ્ટર આપ્યા છે.
Ans. : (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 3, 4 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**5 SEPTEMBER, 2019 THURSDAY**

➤ **દિવસ મહિમા : 5 સપ્ટેમ્બર,** **(1) રાષ્ટ્રીય શિક્ષક દિવસ (National Teacher's Day)**
**(2) International Day of Charity**
**(દાન માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ)**

## રાષ્ટ્રીય શિક્ષક દિવસ

સમગ્ર ભારતમાં દર વર્ષે **5 સપ્ટેમ્બર**ના રોજ **'રાષ્ટ્રીય શિક્ષક દિન'**ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં રાષ્ટ્રીય શિક્ષક દિવસની ઉજવણીનો પ્રારંભ **1962**થી થયો હતો.
- ભારતના પ્રસિદ્ધ પ્રોફેસર, શિક્ષણશાસ્ત્રી, તત્ત્વ ચિંતક અને રાજપુરુષ **ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન**ની યાદમાં તેમનો જન્મદિન **5 સપ્ટેમ્બર** ભારતમાં 'શિક્ષક દિન' તરીકે ઉજવાય છે.
- ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ભારતના **પ્રથમ ઉપરાષ્ટ્રપતિ** અને **દ્વિતિય રાષ્ટ્રપતિ** હતા.
- **5 સપ્ટેમ્બર, 1888**ના રોજ **તમિલનાડુ**ના **તિરુત્તાની** ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેમને **1954**માં **'ભારત રત્ન'**થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**નોંધ :** (1) સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં 'શિક્ષક દિવસ'ની ઉજવણી જુદા–જુદા દિવસે કરવામાં આવે છે.
(2) યુનેસ્કો દ્વારા **1994**માં **5 ઓક્ટોબર**ની **'વિશ્વ શિક્ષક દિવસ'** તરીકે સ્થાપના કરવામાં આવી હતી.
(3) આથી, **'વિશ્વ શિક્ષક દિન'** અથવા તો **'આંતરરાષ્ટ્રીય શિક્ષક દિન' 5 ઓક્ટોબર**ના રોજ ઉજવાય છે. જ્યારે ભારતમાં **'રાષ્ટ્રીય શિક્ષક દિન' 5 સપ્ટેમ્બર**ના રોજ ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



**शिक्षक कभी साधारण नहीं होता,**
**प्रलय और निर्माण उसकी गोद में खेलते है.**
**– चाणक्य**

## ➤ ગઝલગઢના રાજવી શ્રી ખલીલ ધનતેજવીને વર્ષ 2019નો નરસિંહ મહેતા એવોર્ડ એનાયત

- 'ક્યાંક મળો તો રોકી લેજો બીજું શું ?
  તબિયત બબિયત પૂછી લેજો બીજું શું ?
  આપ અમારી જોડે રહેજો – ના ફાવે તો,
  વળતી ગાડી પકડી લેજો બીજું શું ?'

- 'લે આ મારી જાત ઓઢાડું તને;
  સાહેબા, શી રીતે સંતાડું તને...
  ઘર સુધી આવવાની જિદ ન કર,
  ઘર નથી, નહિતર ના પાડું તને ?



શ્રી ખલીલ ધનતેજવી

- "સ્થિર જળ સાથે અટકચાળા ન કર,
  કાંકરા નાખીને કૂંડાળા ન કર.
  લોક દિવાળી ભલે ને ઊજવે,
  પેટ બાળીને તું અજવાળા ન કર !
  આજથી ગણ આવનારી કાલને,
  પાછલાં વરસોના સરવાળા ન કર !
  ક્યાંક પથ્થર ફેંકવાનું મન થશે,
  ઈંટને તોડીને ઢેખાળા ન કર.
  થઈ શકે તો રૂબરૂ આવીને મળ,
  ઊંઘમાં આવીને ગોટાળા ન કર.
  છે કવિતાઓ બધી મોઢે મને,
  મારી મિલકતનાં તું રખવાળા ન કર."

- "તમે મન મૂકીને વરસો, ઝાપટું આપણને નહીં ફાવે,
  અમે હેલીના માણસ, માવઠું આપણને નહીં ફાવે.
  કહો તો માછલીની આંખમાં ડૂબકી દઈ આવું,
  પણ આ છીછરું ખાબોચિયું આપણને નહીં ફાવે.
  તું નહીં આવે તો એ ના આવવું પણ ફાવશે અમને,
  ઘરે આવી, તારું પાછું જવું, આપણને નહીં ફાવે.
  તને ચાહું, ને તારા ચાહનારાઓને પણ ચાહું ?
  તું દિલ આપી દે પાછું, આ બધું આપણને નહીં ફાવે
  તમાચો ખાઈ લઉં ગાંધીગીરીના નામ પર હું પણ,
  પણ આ પત્નીને 'બા' સંબોધવું આપણને નહીં ફાવે."

- "મળવું હો તો આનાકાની નહિ કરવાની,
  આમ મહોબત છાનીમાની નહિ કરવાની...
  ગઝલબઝલ તો ભલે લખો પણ મારી માફક,
  આખી આ બરબાદ જવાની નહિ કરવાની.
  જરૂર પડે તો ખલીલ, આ માથું દઈ દેવાનું,
  મિત્રતામાં પાછી પાની નહિ કરવાની."

- 'રગ રગને રોમ રોમથી તૂટી જવાય છે,
  તો પણ મઝાની વાત કે જીવી જવાય છે...'

- 'ખાલી ગઝલ જો હોય તો ફટકારી દઈએ,
  આ તો હૃદયની વાત છે, હાંફી જવાય છે.'

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

વર્ષ **2019**ના **નરસિંહ મહેતા એવોર્ડ** માટે પ્રસિદ્ધ ગુજરાતી ગઝલકાર **શ્રી ખલીલ ધનતેજવી**ની પસંદગી કરવામાં આવી છે.

- આ અંતર્ગત 13 ઓક્ટોબર 2019ને **શરદપૂર્ણિમા**ના રોજ પૂજ્ય સંત **શ્રી મોરારી બાપુ**ના હસ્તે **જૂનાગઢ** ખાતે તેમને આ પુરસ્કાર એનાયત થશે.

## નરસિંહ મહેતા એવોર્ડ

આ એવોર્ડ અંતર્ગત વિજેતાને **રૂ. 1,51,000 રોકડા** તેમજ શ્રી નરસિંહ મહેતાની પ્રતિમાનું સ્મૃતિ ચિન્હ આપવામાં આવે છે.

- આ એવોર્ડ **આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્ય નિધિ ટ્રસ્ટ** દ્વારા એનાયત થાય છે.
- આ અંતર્ગત દર વર્ષે સામાન્ય રીતે **જૂનાગઢ**માં **ભવનાથ** ખાતે આવેલી **રૂપાયતન** સંસ્થામાં શરદપૂર્ણિમાની સાંજે પૂજ્ય સંત શ્રી મોરારી બાપુના હસ્તે આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડનો પ્રારંભ **1999**થી થયો હતો.
- વર્ષ 1999માં સૌપ્રથમ **શ્રી રાજેન્દ્ર શાહ**ને આ પુરસ્કાર એનાયત થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નરસિંહ મહેતા એવોર્ડ વિજેતા કેટલાક સાહિત્યકારો**

| વર્ષ | વિજેતા |
|---|---|
| 1999 | શ્રી રાજેન્દ્ર શાહ |
| 2016 | શ્રી જલન માતરી |
| 2017 | શ્રી દલપત પઢીયાર |
| 2018 | શ્રી વિનોદ જોશી |
| 2019 | શ્રી ખલીલ ધનતેજવી |



### શ્રી ખલીલ ધનતેજવી

- મૂળ નામ : **શ્રી મકરાણી ખલીલ ઈસ્માઈલ**
- જન્મ : 12 ડિસેમ્બર, 1939; **ધનતેજ** (જિ. **વડોદરા**)
- વ્યવસાય : પત્રકાર

## સર્જન

- ગઝલસંગ્રહ : **સાદગી**, **સારાંશ** (ગુજરાતી), શાયદ (હિન્દી-ઉર્દુ)
- નવલકથા : ભરચક એકાંત, **ડો. રેખા**, સુંવાળો ડંખ, કોરી કોરી ભીનાશ... વગેરે
- નાટક : લીલા પાંદડે પાનખર, પારકી તોય પાડોશણ, નગરવધૂ, સાવ અધૂરા લોક
- ગુજરાતી ફિલ્મોમાં કથા-પટકથા-સંવાદ-ગીતો અને દિગ્દર્શન : **ડો. રેખા**, છૂટાછેડા, ખાપરો ઝવેરી, મન માનતું નથી
- એવોર્ડ : (1) **'છૂટાછેડા'** ફિલ્મ માટે શ્રેષ્ઠ લેખક-દિગ્દર્શક તરીકે ગુજરાત સરકાર દ્વારા બે એવોર્ડ
  (2) નરસિંહ મહેતા પુરસ્કાર 2019

### વિશેષતા

કોઈ કાગળના સહારા વિના જ ગઝલ સંભળાવવી એ શ્રી ખલીલ ધનતેજવીની આગવી વિશેષતા છે.

- તેઓ શરૂઆતમાં ગઝલો મનમાં જ રચતા; અને એમને એ યાદ રહી જતી.
- **'સાદગી'** એ તેમનો **પ્રથમ** ગઝલ સંગ્રહ છે.
- તેમના પ્રથમ ગઝલ સંગ્રહ 'સાદગી'માં તેમણે 100થી વધુ ગઝલો યાદદાસ્તથી જ કાગળ પર ચઢાવી હતી.
- તેમની ગઝલો **શ્રી જગજિતસિંહ**ના કંઠે ગવાઈ છે.
- તેમણે **ગુજરાતી** ઉપરાંત **હિન્દી અને ઉર્દુ**માં પણ ગઝલો લખી છે.

**નોંધ :** ગઝલકાર તરીકે પ્રસિદ્ધ શ્રી ખલીલ ધનતેજવીએ સાહિત્ય સર્જનની શરૂઆત **વાર્તાઓ** લખવાથી કરી હતી.

## ➢ ISSF Shooting World Cup 2019

તાજેતરમાં 26 ઓગસ્ટથી 3 સપ્ટેમ્બર, 2019 દરમિયાન **બ્રાઝિલ**ના **રિયો ડી જાનેરો** ખાતે ISSF Shooting World Cup 2019ના **ચોથા તબક્કાનું** આયોજન થયું હતું.

- જેમાં **5 ગોલ્ડ, 2 સિલ્વર** અને **2 બ્રોન્ઝ** સહિત **કુલ 9** મેડલ સાથે **ભારત** મેડલ ટેબલમાં **પ્રથમ** ક્રમે છે.
- આ અગાઉ ફેબ્રુઆરી 2019માં **ભારત**માં **નવી દિલ્હી** ખાતે યોજાયેલા આ વર્લ્ડ કપના **પ્રથમ** તબક્કામાં તેમજ એપ્રિલ 2019માં **ચીન**ના **બેઈજિંગ** ખાતે યોજાયેલા આ વર્લ્ડ કપના **બીજા** તબક્કામાં તથા મે 2019 દરમિયાન **જર્મની**ના **મ્યુનિચ** ખાતે યોજાયેલા આ વર્લ્ડ કપના **ત્રીજા** તબક્કામાં પણ **ભારત** મેડલ ટેબલમાં **પ્રથમ** ક્રમે રહ્યું હતું.
- ઉપરોક્ત **ચાર તબક્કા**ને અંતે **ઓવરઓલ મેડલ ટેબલ**માં **16 ગોલ્ડ, 4 સિલ્વર** અને **2 બ્રોન્ઝ** મેડલ સહિત **કુલ 22 મેડલ** સાથે **ભારત પ્રથમ** ક્રમે છે.
- જ્યારે 8 ગોલ્ડ સહિત કુલ 36 મેડલ સાથે **ચીન બીજા** અને ત્યારબાદ **અમેરિકા ત્રીજા** સ્થાને છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ISSF World Cup 2019, Rio de Janeiroમાં મેડલ વિજેતા ભારતીય ખેલાડીઓ**

| ક્રમ | નામ | મેડલ | ઈવેન્ટ | રાજ્ય |
|---|---|---|---|---|
| 1 | શ્રી અભિષેક વર્મા | ગોલ્ડ | 10 મીટર એર પિસ્ટલ | હરિયાણા |
| 2 | સુશ્રી ઈલાવેનિલ વાલારિવન | ગોલ્ડ | 10 મીટર એર રાઈફલ | તમિલનાડુ (રહેઠાણ : અમદાવાદ) |
| 3. | સુશ્રી યશસ્વિની સિંઘ દેસ્વાલ | ગોલ્ડ | 10 મીટર એર પિસ્ટલ | હરિયાણા |
| 4. | શ્રી દીપક કુમાર | ગોલ્ડ | 10 મીટર એર રાઈફલ મિક્સ ટીમ | દિલ્હી |
| | સુશ્રી અપૂર્વી ચંદેલા | | | રાજસ્થાન |
| 5. | શ્રી સૌરભ ચૌધરી | ગોલ્ડ | 10 મીટર એર પિસ્ટલ મિક્સ ટીમ | ઉત્તરપ્રદેશ |
| | સુશ્રી મનુ ભાકર | | | હરિયાણા |
| 6. | શ્રી સંજીવ રાજપૂત | સિલ્વર | 50 મીટર રાઈફલ | હરિયાણા |
| 7. | શ્રી અભિષેક વર્મા | સિલ્વર | 10 મીટર એર પિસ્ટલ મિક્સ ટીમ | હરિયાણા |
| | સુશ્રી યશસ્વિની સિંઘ દેસ્વાલ | સિલ્વર | | હરિયાણા |

## ISSF World Cup 2019 Finals

હવે પછી 17થી 23 નવેમ્બર 2019 દરમિયાન ચીનના Putian નામના શહેરમાં ISSF World Cup 2019ની ફાઈનલ રમાશે.



- આ ફાઈનલ માટે ભારતના રેકોર્ડ 14 ખેલાડીઓ ક્વોલિફાય થયા છે.
- ભારતના 14 ખેલાડીઓમાંથી સુશ્રી અંજુમ મુદ્દગિલ અને સુશ્રી મનુ ભાકર એમ બંને 2-2 ઈવેન્ટ માટે ક્વોલિફાય થયા છે.
- જેમાં સુશ્રી અંજુમ મુદ્દગિલ મહિલાઓની 10 મીટર એર રાઈફલ અને 50 મીટર રાઈફલ ઈવેન્ટ માટે ક્વોલિફાય થયા છે.
- જ્યારે સુશ્રી મનુ ભાકર મહિલાઓની 10 મીટર એર પિસ્ટલ અને 25 મીટર પિસ્ટલ ઈવેન્ટમાં ક્વોલિફાય થયા છે.

**નોંધ :** ભારતના શ્રી સૌરભ ચૌધરી અને સુશ્રી મનુ ભાકરે ISSF World Cupના ચારેય તબક્કામાં 10 મીટર એર પિસ્ટલની મિક્સ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા છે.

## ICE Questions

1. ભારતમાં કયો દિવસ 'રાષ્ટ્રીય શિક્ષક દિન' તરીકે ઉજવાય છે ?
   (A) 5 જૂન (B) 5 જુલાઈ (C) 5 ઓગસ્ટ (D) 5 સપ્ટેમ્બર — **(D)**

2. ભારતમાં શિક્ષક દિવસની ઉજવણીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
   1. ભારતમાં શિક્ષક દિવસની ઉજવણીનો પ્રારંભ 1964થી થયો હતો.
   2. ભારતમાં ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ તથા દ્વિતિય રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમનો જન્મદિન 'રાષ્ટ્રીય શિક્ષક દિન' તરીકે ઉજવાય છે.
   3. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ 5 સપ્ટેમ્બર, 1888ના રોજ તમિલનાડુના તિરુત્તાની ખાતે થયો હતો.
   4. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનને 1952માં 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

   Ans. : (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 2, 3 (D) 1, 3, 4 — **(C)**

3. યુનેસ્કો દ્વારા દર વર્ષે કયો દિવસ 'વિશ્વ શિક્ષક દિન' તરીકે ઉજવાય છે ?
   (A) 5 સપ્ટેમ્બર (B) 5 ઓક્ટોબર (C) 15 નવેમ્બર (D) 15 ડિસેમ્બર — **(B)**

4. 'ઈન્ટરનેશનલ ડે ઓફ ચેરિટી' અથવા તો 'દાન માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 3 સપ્ટેમ્બર (B) 4 સપ્ટેમ્બર (C) 5 સપ્ટેમ્બર (D) 6 સપ્ટેમ્બર — **(C)**

5. તાજેતરમાં વર્ષ 2019નો નરસિંહ મહેતા એવોર્ડ કોને એનાયત થયો છે ?
   (A) શ્રી જલન માતરી (B) શ્રી આસિમ રાંદેરી
   (C) શ્રી રતિલાલ અનિલ (D) શ્રી ખલીલ ધનતેજવી — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. 'નરસિંહ મહેતા એવોર્ડ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. આદ્ય કવિ નરસિંહ મહેતા સાહિત્ય નિધિ ટ્રસ્ટ દ્વારા આ પુરસ્કાર એનાયત થાય છે.
   2. આ પુરસ્કાર વિજેતા સાહિત્યકારને સામાન્ય રીતે દર વર્ષે શરદપૂર્ણિમાના રોજ જૂનાગઢની રૂપાયતન નામની સંસ્થામાં સન્માનિત કરવામાં આવે છે.
   3. આ એવોર્ડનો પ્રારંભ 1999થી થયો હતો.
   4. 1999માં સૌપ્રથમ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીને આ પુરસ્કાર એનાયત થયો હતો.
   5. આ પુરસ્કાર વિજેતાને રૂ. 1,51,000 રોકડા અને શ્રી નરસિંહ મહેતાની પ્રતિમા આપીને સન્માનિત કરવામાં આવે છે.

   (A) 1, 2, 3, 4, 5 (B) 1, 2, 3, 4 (C) 1, 2, 3, 5 (D) 1, 2, 3 **(C)**

7. તાજેતરમાં જ શ્રી ખલીલ ધનતેજવીને વર્ષ 2019નો નરસિંહ મહેતા એવોર્ડ એનાયત થયો છે...તેમનું મૂળનામ શું છે ?
   (A) શ્રી મનસુરી ખલીલ ઈસ્માઈલ (B) શ્રી મનસુર ખલીલ ઈસ્માઈલ
   (C) શ્રી મકરાણી ખલીલ ઈસ્માઈલ (D) શ્રી મોહમ્મદ ખલીલ ઈસ્માઈલ **(C)**

8. શ્રી ખલીલ ધનતેજવીનો જન્મ ગુજરાતના કયા જિલ્લાના ધનતેજ ગામમાં થયો છે ?
   (A) વડોદરા (B) અમદાવાદ (C) ભાવનગર (D) નવસારી **(A)**

9. પ્રસિદ્ધ ગઝલ સંગ્રહ 'સાદગી'ના સર્જકનું નામ શું છે ?
   (A) શ્રી જલન માતરી (B) શ્રી ચિનુ મોદી
   (C) શ્રી રતિલાલ અનિલ (D) શ્રી ખલીલ ધનતેજવી **(D)**

10. ઓગસ્ટ-સપ્ટેમ્બર 2019 દરમિયાન બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે યોજાયેલી ISSF Shooting વર્લ્ડ કપ 2019ના ચોથા તબક્કામાં મેડલ ટેબલમાં કયો દેશ પ્રથમ ક્રમે છે ?
    (A) ભારત (B) ચીન (C) અમેરિકા (D) જાપાન **(A)**

11. તાજેતરમાં 26 ઓગસ્ટથી 3 સપ્ટેમ્બર 2019 દરમિયાન કઈ જગ્યાએ યોજાયેલા ISSF શૂટિંગ વર્લ્ડ કપ 2019માં ભારતે 5 ગોલ્ડ, 2 સિલ્વર અને 2 બ્રોન્ઝ સહિત કુલ 9 મેડલ જીત્યા છે ?
    (A) નવી દિલ્હી (B) રિયો ડી જાનેરો (C) બેઈજિંગ (D) મ્યુનિચ **(B)**

12. તાજેતરમાં બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે યોજાયેલા ISSF વર્લ્ડ કપ 2019માં ભારતના શ્રી અભિષેક વર્માએ કઈ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો છે ?
    (A) 10 મીટર એર પિસ્ટલ (B) 10 મીટર એર રાઈફલ
    (C) 25 મીટર રાઈફલ (D) 50 મીટર રાઈફલ **(A)**

13. તાજેતરમાં બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે યોજાયેલા ISSF વર્લ્ડ કપ 2019માં ગુજરાતના અમદાવાદમાં સ્થાયી થયેલા સુશ્રી ઈલાવેનિલ વાલારિવને કઈ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો છે ?
    (A) 10 મીટર એર પિસ્ટલ (B) 10 મીટર એર રાઈફલ
    (C) 25 મીટર રાઈફલ (D) 50 મીટર રાઈફલ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**14.** તાજેતરમાં બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે યોજાયેલા ISSF વર્લ્ડ કપ 2019માં ભારતના સુશ્રી યશશ્વિની સિંઘ દેસ્વાલે કઈ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો છે ?

(A) 10 મીટર એર પિસ્ટલ (B) 10 મીટર એર રાઈફલ

(C) 25 મીટર રાઈફલ (D) 50 મીટર રાઈફલ **(A)**

**15.** ISSF વર્લ્ડ કપ 2019ના ચારેય તબક્કામાં ભારતના કયા બે ખેલાડીઓએ 10 મીટર એર પિસ્ટલની મિક્સ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા છે ?

(A) શ્રી અભિષેક વર્મા અને સુશ્રી યશશ્વિની સિંઘ દેસ્વાલ

(B) શ્રી દીપક કુમાર અને સુશ્રી અપૂર્વી ચંદેલા

(C) શ્રી સૌરભ ચૌધરી અને સુશ્રી મનુ ભાકર

(D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

## 6 SEPTEMBER, 2019 FRIDAY

### ➤ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની રશિયાની મુલાકાત

તાજેતરમાં 4 અને 5 સપ્ટેમ્બર, 2019 દરમિયાન ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** બે દિવસ માટે **રશિયાની** મુલાકાત લીધી હતી.

- તેમની રશિયાની આ મુલાકાત દરમિયાન ભારત-રશિયા વચ્ચે ઓઈલ, ગેસ, પરમાણુ ઊર્જા, સંરક્ષણ, રોકાણ વગેરે અંગેના **15 કરારો** પર હસ્તાક્ષર થયા છે.
- જેમાં ભારતના **ચેન્નાઈ** અને રશિયાના **વ્લાદિવોસ્તોક** વચ્ચે **સમુદ્રીમાર્ગ** વિકસાવવા માટે પણ MOU થયા છે.
- રશિયાની આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રશિયાના **વ્લાદિવોસ્તોક** ખાતે યોજાયેલા **ભારત-રશિયા 20મા વાર્ષિક શિખર સંમેલન**માં પણ ભાગ લીધો હતો.
- આ મુલાકાત દરમિયાન રશિયાના રાષ્ટ્રપતિ **શ્રી વ્લાદિમિર પુતિને** અગાઉ નક્કી થયા મુજબ રશિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન **'ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રયુ ધ એપોસ્ટલ'**થી ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીને** સન્માનિત કરવાની જાહેરાત કરી હતી.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 5th Eastern Economic Forum 2019

તાજેતરમાં 4થી 6 સપ્ટેમ્બર, 2019 દરમિયાન રશિયાના <u>વ્લાદિવોસ્તોક</u> ખાતે <u>5મી ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ (EEF)</u>નું આયોજન થયું હતું.

- જેમાં ભારતના વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u>ને <u>ચીફ ગેસ્ટ</u> તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું.
- આ અંતર્ગત 5 સપ્ટેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ (EEF)ને સંબોધન કર્યું હતું.
- જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ <u>રશિયાના પૂર્વીય ક્ષેત્ર</u>ના વિકાસ માટે <u>1 અબજ ડોલર</u>ની લાઈન ઓફ ક્રેડીટ અથવા તો લોન આપવાની જાહેરાત કરી હતી.

**નોંધ :** (1) રશિયાના પૂર્વીય ક્ષેત્ર <u>વ્લાદિવોસ્તોક</u>ની મુલાકાત લેનારા <u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u> ભારતના પ્રથમ વડાપ્રધાન છે.

(2) રશિયાના <u>વ્લાદિવોસ્તોક</u>માં પોતાનું દૂતાવાસ શરૂ કરનાર <u>ભારત</u> વિશ્વનો <u>પ્રથમ દેશ</u> છે.

(3) રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદિમિર પુતિને તાજેતરમાં આપેલી માહિતી અનુસાર વર્ષ 2018થી અત્યાર સુધીમાં <u>ભારત અને રશિયા</u> વચ્ચેના દ્વિપક્ષીય વેપારમાં <u>17 ટકા</u>નો વધારો થયો છે.

(4) ઉપરોક્ત <u>15 કરાર</u> ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની રશિયા મુલાકાત દરમિયાન ભારત અને રશિયાની વિવિધ સંસ્થાઓ વચ્ચે બીજા <u>35</u> જેટલા <u>વ્યાપારી કરારો</u> પર પણ હસ્તાક્ષર થયા છે.

## ➤ UAPAના નવા એક્ટ હેઠળ દાઉદ, મસૂદ, લકવી, હાફિઝ સઈદ આતંકી જાહેર



તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા <u>UAPA Act, 1967</u>માં સુધારો કરીને લાવવામાં આવેલા <u>UAPA Act, 2019</u> અનુસાર કેન્દ્ર સરકારે કેટલાક વ્યક્તિઓને આતંકી જાહેર કર્યા છે. તેમાં –

(1) જૈશ એ મોહમ્મદનો વડો <u>મસૂદ અઝહર</u>

(2) લશ્કરે તોયબાનો સ્થાપક <u>હાફિઝ સઈદ</u>

(3) 93ના મુંબઈ બોમ્બ બ્લાસ્ટનો સુત્રધાર <u>દાઉદ ઈબ્રાહિમ</u> અને

(4) 26/11ના આતંકી હુમલાના આરોપી <u>ઝકી ઉર રહેમાન</u> <u>લખવી</u> વગેરેનો સમાવેશ થાય છે.

## UAPA Act શું છે ?

ભારતમાં આતંકવાદ વિરોધી <u>UAPA Act 2019</u>નું પૂરું નામ <u>Unlawful Activities (Prevention) Amendment Act, 2019 [ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) સુધારા અધિનિયમ, 2019]</u> છે.

- ભારતમાં <u>UAPA Act, 1967</u>માં સુધારો કરીને આ એક્ટ લાવવામાં આવ્યો છે.
- આ નવા એક્ટમાં <u>આતંકી સંગઠન</u> ઉપરાંત <u>કોઈ વ્યક્તિ</u>ને પણ આતંકી જાહેર કરવાની જોગવાઈ છે.

## ICE ? Questions

1. તાજેતરમાં ભારત અને રશિયાના કયા બે શહેરો વચ્ચે જળમાર્ગ વિકસાવવા માટે કરાર થયા છે ?
(A) કોચિ અને મોસ્કો (B) મુંબઈ અને વ્લાદિવોસ્તોક
(C) ચેન્નાઈ અને વ્લાદિવોસ્તોક (D) કંડલા અને વ્લાદિવોસ્તોક **(C)**

2. તાજેતરમાં ભારત અને રશિયા વચ્ચે 20મા વાર્ષિક શિખર સંમેલન 2019નું આયોજન કયાં થયું હતું ?
(A) નવી દિલ્હી (B) મોસ્કો (C) સોચિ (D) વ્લાદિવોસ્તોક **(D)**

3. તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન કઈ જગ્યાએ યોજાયેલી 5મી ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ચીફ ગેસ્ટ તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું ?
(A) રિયાધ (B) અબુધાબી (C) વ્લાદિવોસ્તોક (D) ટોક્યો **(C)**

4. તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન કયા દેશમાં યોજાયેલી 5મી ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ચીફ ગેસ્ટ તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું
(A) જાપાન (B) ફ્રાન્સ (C) રશિયા (D) ઈઝરાયેલ **(C)**

5. તાજેતરમાં રશિયાના કયા ક્ષેત્રના વિકાસ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 1 અબજ ડોલરની લાઈન ઓફ ક્રેડિટ અથવા તો લોન આપવાની જાહેરાત કરી છે ?
(A) પૂર્વીય રશિયા (B) પશ્ચિમી રશિયા (C) ઉત્તરી રશિયા (D) દક્ષિણી રશિયા **(A)**

6. તાજેતરમાં કયા એક્ટ હેઠળ કેન્દ્ર સરકારે મસુદ અઝહર, હાફિઝ સઈદ, દાઉદ ઈબ્રાહિમ અને ઝકી ઉર રહેમાન લખવીને આતંકી જાહેર કર્યા છે ?
(A) UAPA Act 1967 (B) UAPA Act 1976
(C) UAPA Act 1986 (D) UAPA Act 2019 **(D)**

7. તાજેતરમાં કયા એક્ટમાં સુધારો કરીને ભારતમાં નવો UAPA Act 2019 લાવવામાં આવ્યો છે ?
(A) UAPA Act 1962 (B) UAPA Act 1967
(C) UAPA Act 1976 (D) UAPA Act 1987 **(B)**

8. તાજેતરમાં ચર્ચામાં રહેલ UAPA Act 2019નું પૂરું નામ શું છે ?
(A) Unlawful Activities (Prevention) Amendment Act, 2019
(B) Unusual Activities (Prevention) Amendment Act, 2019
(C) Union Activities (Prevention) Amendment Act, 2019
(D) United Activities (Prevention) Amendment Act, 2019 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 07 SEPTEMBER, 2019 SATURDAY

## ➤ ચંદ્રયાન-2ની લગભગ 95 ટકા સફળતા બદલ ઈસરોના વૈજ્ઞાનિકોને સલામ




"વૈજ્ઞાનિક શોધનો મુખ્ય આધાર 'પ્રયોગ' છે. અત્યારે હાલમાં આપણે જે ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહ્યા છીએ તેની સફળતા પાછળ હજારો સેંકડો પ્રયોગોનો ઈતિહાસ છે. અત્યાર સુધી થયેલા લાખો કરોડો પ્રયોગોને કારણે જ આપણે વર્તમાન ટેક્નોલોજીનો વિકાસ કરી શકયા છીએ....... વીજળીના એક નાનકડા બલ્બની શોધ કરવા માટે શ્રી થોમસ આલ્વા એડિસનને જો લગભગ 1000 જેટલા પ્રયોગો કરવા પડયા હોય..... તો આજ સુધી વણખેડાયેલા રહેલા...... વિશ્વના મોટા મોટા વિકસિત દેશો પણ જ્યાં આજ સુધી નથી પહોંચ્યા ત્યાં ; અન્ય કોઈપણ દેશના સહયોગ વિના, આપ બળે જ નવી ટેક્નોલોજી વિકસાવીને, પૃથ્વીથી લાખો કિમી દૂર આવેલા, ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડિંગ માટે.... એક વિકાસશીલ દેશે કેટલા પ્રયોગ કરવા પડે ???!!!"

7 સપ્ટેમ્બર, 2019ની મધરાત બાદ લગભગ 1 વાગ્યેને 52 મિનિટે ભારતના <u>ચંદ્રયાન-2નું</u> <u>લેન્ડર 'વિક્રમ'</u> જ્યારે ચંદ્રની ધરતીથી <u>2.1 કિમી</u> દૂર હતું ત્યારે જ તેની સાથેનો સંપર્ક કપાઈ ગયો હતો.

- આથી, ચંદ્રયાન-2 ઈતિહાસ સર્જી શક્યું ન હતું.
- ભારતનું મિશન ચંદ્રયાન-2 ત્રણ ભાગમાં વહેંચાયેલું હતું.
  - (1) ચંદ્રયાન-2ના <u>ઓર્બિટર</u>ને ચંદ્રની સપાટીથી <u>100 કિમી</u> દૂરની કક્ષામાં સ્થાપિત કરવું.
  - (2) ચંદ્રયાન-2ના <u>લેન્ડર 'વિક્રમ'</u> નું ચંદ્રના <u>દક્ષિણ ધ્રુવ</u> પર સફળતાપૂર્વક લેન્ડિંગ કરાવવું અને
  - (3) ચંદ્રયાન-2ના <u>રોવર 'પ્રજ્ઞાન'</u> દ્વારા ચંદ્રની ધરતી પરથી માટી અને ખડકોના નમૂના એકત્ર કરવા અને તેનો ડેટા પૃથ્વી સુધી પહોંચાડવો.
- ઉપરોક્ત ત્રણમાંથી <u>ચંદ્રયાન-2નું ઓર્બિટર</u> ચંદ્રની કક્ષામાં <u>સફળતાપૂર્વક સ્થાપિત થઈ ગયું છે.</u>
- જ્યારે ચંદ્રયાન-2ના બાકીના બે ઉદ્દેશો પૂરા થાય એ પહેલા જ તેના લેન્ડર 'વિક્રમ' સાથેનો ઈસરોનો સંપર્ક કપાઈ ગયો હતો.
- આથી, ઈસરો અનુસાર ભારતનું આ મિશન સંપૂર્ણ સફળ ન રહેતા <u>લગભગ 95 ટકા સફળ</u> રહ્યું છે. કેમ કે, <u>લેન્ડર 'વિક્રમ' અને રોવર 'પ્રજ્ઞાન'</u> ચંદ્રયાન-2 મિશનના માત્ર <u>5 ટકા</u> જ હિસ્સો હતો. જ્યારે મિશનનો <u>95 ટકા</u> હિસ્સો ધરાવતું ચંદ્રયાન-2નું <u>ઓર્બિટર</u> હજુ પણ સુરક્ષિત છે અને ચંદ્રની પ્રદક્ષિણા કરી રહ્યું છે.
- હવે ચંદ્રયાન-2નું <u>ઓર્બિટર એકથી સાત વર્ષ</u> સુધી ચંદ્રના ચક્કર લગાવતું રહેશે.... અને ચંદ્ર વિશે માહિતી આપતું રહેશે.
- ચંદ્રયાન-2ના <u>ઓર્બિટર</u> સાથે <u>8 પેલોડ</u> (એટલે કે 8 <u>અંતરિક્ષ ઉપકરણ</u>) મોકલવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ઉપકરણોની મદદથી ચંદ્રયાન-2નું ઓર્બિટર ચંદ્રની હાઈ રિઝોલ્યુશન તસવીરો સહિતની મહત્વની માહિતી પૃથ્વી પર મોકલતું રહેશે.

**ચંદ્રયાન-2ના ઓર્બિટરના 8 Payload**

| ક્રમ | Payload | ઉપયોગ |
|---|---|---|
| 1 | Soft X-ray Spectrometer | ચંદ્રની સપાટીની મૂળભૂત સંરચનાની તપાસ કરવા માટે |
| 2 | Solar X-ray monitor(SXM) | ચંદ્રની સપાટી પર હાજર મુખ્ય તત્ત્વોના મેપિંગ માટે |
| 3 | Dual Frequency L and S band Synthetic Aperture Radar (DFSAR) | પાણીના બરફ સહિતના વિવિધ ઘટકોની શોધ માટે (એટલે કે ચંદ્ર પર પાણીની શોધ માટે ઉપયોગી), જેમાં L બેન્ડ ચંદ્રની સપાટીથી 5 થી 10 મીટરની ઊંડાઈ સુધી જોઈ શકે છે. |
| 4 | Imaging IR Spectrometer(IIRS) | ખનીજો, પાણીના અણુઓ અને હાઈડ્રોક્સીલના અભ્યાસ માટે |
| 5 | Chandrayaan-2 Atmospheric Compositional Explorer 2 (ChACE-2) Quadrupole Mass Analyzer | ચંદ્રના exospher(બહિર્મંડળ)નો વિગતવાર અભ્યાસ કરવા |
| 6 | Terrain Mapping Camera-2(TMC-2) | ચંદ્રના ખનીજ અને ભૂવિજ્ઞાનના અભ્યાસ માટે જરૂરી થ્રી ડાયમેન્શનલ નક્શા તૈયાર કરવા |
| 7 | RAMBHA-DFRS | ચંદ્રના ionosphere (આયનમંડળ)માં ઈલેક્ટ્રોન ઘનત્વનો અભ્યાસ કરવા |
| 8 | Orbiter High Resolution Camera(OHRC) | લેન્ડિંગ અગાઉ સંકટ રહિત સ્થળ પસંદ કરવા અને ત્યારબાદ ઉચ્ચ રિઝોલ્યુશન વાળા ચંદ્રની સ્થળાકૃતિઓના નક્શા તૈયાર કરવા તથા ચંદ્રની સપાટીના ડિજિટલ એલીવેશન મોડલ તૈયાર કરવો. |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) 22 જુલાઈ, 2019ના રોજ GSLV MK III-M1 નામના રોકેટની મદદથી આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેશ સેન્ટરના બીજા નંબરના લોન્ચ પેડ પરથી ચંદ્રયાન-2 લોન્ચ કરવામાં આવ્યું હતું.

(2) ચંદ્રયાન-2ના લેન્ડર 'વિક્રમ'નું અંદાજિત વજન 1471 કિલોગ્રામ જેટલું હતું.

(3) ચંદ્રયાન-2એ પૃથ્વી અને ચંદ્ર વચ્ચેના અંદાજિત અંતર 3,84,000 કિલોમીટરમાંથી 3,83,998 કિમી સુધીની સફર સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. આથી, તે ફક્ત 0.0006% થી ઈતિહાસ સર્જવાનું ચૂકી ગયું હતું.

(4) ચંદ્રયાન-2ના ઓર્બિટરનું મિશન આયુષ્ય 1 વર્ષનું છે. પરંતુ ઈસરો અનુસાર તેમાં જે ઈંધણ છે તેને આધારે તે સાતથી સાડા સાત વર્ષ સુધી કામ આપી શકે તેવી શક્યતા છે.

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં ચંદ્રયાન-2નું લેન્ડર ચંદ્રની ધરતી પર સફળતાપૂર્વક લેન્ડિંગ કરે એ પહેલા જ ચંદ્રની સપાટીથી કેટલા કિમી દૂર તેનો ઈસરો સાથેનો સંપર્ક કપાઈ ગયો હતો ?<br>(A) 1.7 કિમી (B) 2.1 કિમી (C) 2.5 કિમી (D) 2.7 કિમી | (B) |
| 2. | ભારતના ચંદ્રયાન-2ની સફળતાના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?<br>(A) આ મિશન સંપૂર્ણ અસફળ રહ્યું છે. (B) આ મિશન સંપૂર્ણ સફળ રહ્યું છે.<br>(C) આ મિશન લગભગ 95 ટકા સફળ રહ્યું છે. (D) ત્રણમાંથી કોઈ નહિ. | (C) |
| 3. | ચંદ્રયાન-2ના ઓર્બિટરને ચંદ્રની સપાટીથી કેટલા કિમી દૂરની કક્ષામાં સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યું છે ?<br>(A) 50 (B) 100 (C) 150 (D) 200 | (B) |
| 4. | ચંદ્રયાન-2ના ઓર્બિટર પર કેટલા પેલોડ મોકલવામાં આવ્યા છે ?<br>(A) 4 (B) 6 (C) 8 (D) 12 | (C) |
| 5. | હાલ ચંદ્રની પ્રદક્ષિણા કરી રહેલા ચંદ્રયાન-2ના ઓર્બિટરને ઈસરોએ શું નામ આપ્યું હતું ?<br>(A) વિક્રમ (B) પ્રજ્ઞાન (C) કલામ (D) ત્રણમાંથી કોઈ નહિ | (D) |
| 6. | ચંદ્રયાન-2ના લેન્ડર 'વિક્રમ'નું અંદાજિત વજન કેટલા કિલોગ્રામ હતું ?<br>(A) 675 (B) 1071 (C) 1471 (D) 1853 | (C) |
| 7. | ચંદ્રયાન-2 કયા રોકેટની મદદથી લોન્ચ કરવામાં આવ્યું હતું ?<br>(A) GSLV MK III - M1 (B) GSLV MK III - M2<br>(C) GSLV MK III - M3 (D) GSLV MK III - M4 | (A) |
| 8. | ચંદ્રયાન-2ના ત્રણ વિશિષ્ટ ભાગમાં નીચેનામાંથી શેનો સમાવેશ થતો નથી ?<br>(A) Orbiter (B) Oracle (C) Lander (D) Rover | (B) |
| 9. | ચંદ્ર પર પાણીની શોધ માટે ચંદ્રયાન-2ના ઓર્બિટરના પેલોડમાં કયા બેન્ડના Synthetic Aperture Radarનો સમાવેશ કરવામાં આવ્યો છે ?<br>(A) L (B) S (C) L અને S (D) ત્રણમાંથી કોઈ નહિ | (C) |
| 10. | ચંદ્રની સ્થળાકૃતિઓના ઉચ્ચ રિઝોલ્યુશન વાળા નકશા તૈયાર કરવા ચંદ્રયાન-2ના ઓર્બિટરના પેલોડમાં કયા કેમેરાનો સમાવેશ કરવામાં આવ્યો છે... કે જે ચંદ્રના અભ્યાસ માટે ઉપયોગમાં લેવાયેલા આજ સુધીના સૌથી શ્રેષ્ઠ કેમેરા હોવાનું કહેવાય છે ?<br>(A) OHRC (B) OHSC (C) OHLC (D) OHFC | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ ભારતીય મહિલા ટીમના પૂર્વ કેપ્ટન સુશ્રી મિતાલી રાજની ટી-20 ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત

ભારતીય મહિલા ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન **સુશ્રી મિતાલી રાજે** તાજેતરમાં **આંતરરાષ્ટ્રીય ટી-20 ક્રિકેટ**માંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. ભારતની મહિલા ક્રિકેટ ટીમ વર્ષ 2006માં જ્યારે સૌપ્રથમ ટી-20 મેચ રમી હતી ત્યારે **સુશ્રી મિતાલી રાજ** કેપ્ટન હતા. આ ઉપરાંત **ટી-20 ક્રિકેટ**માં સૌપ્રથમ **2000 રન** કરનાર **સુશ્રી મિતાલી રાજ** (પુરુષ અને મહિલા એમ બંનેમાં) **ભારતના પ્રથમ ક્રિકેટર** છે. અને **વન ડે ક્રિકેટ**માં **6000 રન** કરનાર **વિશ્વના એકમાત્ર મહિલા ક્રિકેટર** છે. તેમનો જન્મ 3 ડિસેમ્બર, 1982ના રોજ **રાજસ્થાન**ના **જોધપુર**માં થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ ભારતની પ્રથમ ખાનગી ટ્રેન તેજસ એક્સપ્રેસનો 4 ઓક્ટોબરથી પ્રારંભ થશે

4 ઓક્ટોબર, 2019થી ભારતમાં **દિલ્હી અને ઉત્તરપ્રદેશ**ના **લખનૌ** વચ્ચે **તેજસ એક્સપ્રેસ**નો પ્રારંભ થશે. કોઈ **ખાનગી ઓપરેટર** દ્વારા જેનું **સંચાલન** કરવામાં આવ્યું હોય તેવી આ **ભારતની પ્રથમ ટ્રેન** હશે. Indian Railwaysની પેટા કંપની **IRCTC** દ્વારા તેનું સંચાલન કરવામાં આવશે. **IRCTC**નું પૂરું નામ **'Indian Railway Catering and Tourism Corporation'** છે.

## વિશ્વ

### ➤ એશિયાની સૌથી 20 Richest Familiesની Bloombergની યાદીમાં અંબાણી પરિવાર પ્રથમ

તાજેતરમાં **બ્લુમબર્ગ** દ્વારા **એશિયાના સૌથી 20 અમીર પરિવારો**ની એક યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં ભારતનો **શ્રી મુકેશ અંબાણી પરિવાર પ્રથમ** ક્રમે છે. આ ઉપરાંત આ યાદીમાં ભારતના **શ્રી શાપુરજી પાલોનજી મિસ્ત્રી** અને **શ્રી હિન્દુજા પરિવાર**નો પણ સમાવેશ થયો છે. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર એશિયાના સૌથી 20 અમીર પરિવારો પાસે એશિયાના સૌથી 20 ગરીબ દેશોના કુલ GDP જેટલી સંપત્તિ છે.

## ICE Questions

- વર્ષ 2021માં રમાનાર વન ડે વર્લ્ડ કપ પર ધ્યાન આપી શકાય તે માટે તાજેતરમાં ભારતના કયા મહિલા ક્રિકેટરે ટી-20 ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે ? – સુશ્રી મિતાલી રાજ
- ટી-20 ક્રિકેટમાં સૌપ્રથમ વખત 2000 રન પૂરા કરનાર ભારતીય ક્રિકેટરનું નામ શું છે ? – સુશ્રી મિતાલી રાજ
- ટી-20 ક્રિકેટમાં સૌથી વધુ રન કરનાર ભારતના મહિલા ક્રિકેટરનું નામ શું છે ? – સુશ્રી મિતાલી રાજ
- આંતરરાષ્ટ્રીય વન ડેમાં 6000થી વધુ રન કરનાર વિશ્વના એકમાત્ર મહિલા ખેલાડીનું નામ શું છે ? – સુશ્રી મિતાલી રાજ
- એશિયાના સૌથી 20 અમીર પરિવારોની બ્લૂમબર્ગની યાદીમાં કયો પરિવાર પ્રથમ ક્રમે છે ? – શ્રી મુકેશ અંબાણી પરિવાર
- 4 ઓક્ટોબર, 2019થી ભારતમાં કઈ ટ્રેનનું પ્રથમ વખત ખાનગી ઓપરેટર દ્વારા સંચાલન કરવામાં આવશે ? – તેજસ એક્સપ્રેસ
- ખાનગી ઓપરેટર દ્વારા સંચાલિત ભારતની પ્રથમ ટ્રેન તેજસ એક્સપ્રેસનો 4 ઓક્ટોબર, 2019થી ભારતના કયા બે સ્થળો વચ્ચે પ્રારંભ થશે ? – દિલ્હી-લખનૌ
- દિલ્હી-લખનૌ વચ્ચે શરૂ થનારી ખાનગી ઓપરેટર દ્વારા સંચાલિત ભારતની પ્રથમ ટ્રેન તેજસ એક્સપ્રેસનું સંચાલન કોના દ્વારા કરવામાં આવશે ? – IRCTC
- IRCTCનું પૂરું નામ શું છે ? – Indian Railway Catering and Tourism Corporation

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT

## QUESTIONS OF THIS WEEK

1. તાજેતરમાં નવી દિલ્હી ખાતે કલા અને સંસ્કૃતિ કેટેગરીમાં ગુજરાતના જૂનાગઢના કયા લોકગાયકને રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – શ્રી લક્ષ્મણભાઈ સાદિયા
2. તાજેતરમાં જૂનાગઢના સક્કરબાગ ઝૂમાં ક્યાંથી લવાયેલા ત્રણ બાયસનનું લોકો માટે પ્રદર્શનમાં મૂકાય તે પહેલાં જ મૃત્યુ થયું છે ? – મૈસૂર
3. તાજેતરમાં ભારતમાં ચૂંટણીપંચ દ્વારા ક્યારથી મતદાર યાદી ચકાસણી - સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે ? – 1 સપ્ટેમ્બર, 2019થી
4. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં વરસાદી પાણીનો વધુ સંગ્રહ થાય તે માટે શરૂ કરવામાં આવેલું 'સુજલામ્ સુફલામ જળ અભિયાન' હજુ પણ આગામી કેટલા વર્ષ સુધી ચાલુ રહેશે ? – બે વર્ષ

5. તાજેતરમાં ગુજરાતની કઈ નગરપાલિકા દ્વારા યાત્રીઓને મિનીટ્રેન દ્વારા ત્યાંના તીર્થસ્થળોના દર્શન કરાવવા માટે મોનોરેલ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે ? – દ્વારકા

6. તાજેતરમાં ભારતના ક્યા રાજ્યના મુખ્યમંત્રીએ પોતાના રાજ્યમાં શ્રી અરુણ જેટલીની પ્રતિમા મૂકવાની તથા તેમની જન્મતિથિ 28 ડિસેમ્બરને દર વર્ષે રાજકીય સમારોહ તરીકે ઉજવવાની જાહેરાત કરી છે ? – બિહાર(ના મુખ્યમંત્રી શ્રી નીતિશ કુમારે)

7. અગાઉ આયાત બંધ કર્યા બાદ તાજેતરમાં ક્યા દેશે હવે પોતાના દેશની દવા કંપનીઓને ભારતમાંથી દવાની આયાત કરવા માટે મંજૂરી આપી છે ? – પાકિસ્તાન

8. ભારતમાં દર વર્ષે કઈ ચોથ ગણેશ ચતુર્થી તરીકે ઉજવાય છે ? – ભાદરવા સુદ ચોથ

9. આઝાદીની ચળવળ દરમિયાન મહારાષ્ટ્રમાં ગણપતિ મહોત્સવની પૂજાને નવું સ્વરૂપ આપીને ગણપતિ ઉત્સવ ઉજવવાની શરૂઆત કોણે કરાવી હતી ? – શ્રી બાલગંગાધર તિલક

10. 1 સપ્ટેમ્બર 2019થી ભારતમાં 50 લાખથી વધુની પ્રોફેશનલ ફી પર કેટલા ટકા TDS ચૂકવવો પડશે ? – 5 ટકા

11. 1 સપ્ટેમ્બર 2019થી ભારતમાં કેટલા રૂપિયાથી વધુ રોકડ રકમ બેંક ખાતામાંથી ઉપાડવા પર 2 ટકા TDS ચૂકવવો પડશે ? – રૂ. એક કરોડથી વધુ

12. ભારતમાં અત્યાર સુધી (એટલે કે 31 ઓગસ્ટ 2019 સુધી) કેટલા રૂપિયાથી વધુના ટ્રાન્ઝેકશન અંગે બેન્કને આયકર વિભાગને જાણ કરવી પડતી હતી ? – રૂા.50,000થી વધુના

13. 1 સપ્ટેમ્બર 2019થી ભારતમાં કેટલા રૂપિયાથી ઓછા ટ્રાન્ઝેકશન અંગે પણ બેન્કોએ આયકર વિભાગને માહિતી આપવી પડશે ? – રૂા.50,000થી ઓછા

14. 31 ઓગસ્ટ 2019ના રોજ ગુજરાતના કયા શહેરમાં ઈન્ડિયા - જાપાન બિઝનેસ ટુરિઝમ કોન્કલેવનું આયોજન થયું હતું ? – અમદાવાદ

15. તાજેતરમાં ભારતના કયા શહેરના ડોકટર અને તેમના પુત્રે એક રૂપિયા કરતાંય ઓછી કિંમતે વિટામિન - એની ઊણપનો ટેસ્ટ કરી શકાય તેવા ડિવાઈસની શોધ કરી છે ? – અમદાવાદ

16. તાજેતરમાં અમદાવાદના કયા ડોકટર અને તેમના પુત્રે એક રૂપિયા કરતાંય ઓછી કિંમતમાં વિટામિન - એની ઊણપનો ટેસ્ટ કરી શકાય તેવા ડિવાઈસની શોધ કરી છે ? – ડો. રાજેશ મહેતા

17. તાજેતરમાં 2 સપ્ટેમ્બર 2019ના રોજ પ્રસિદ્ધ થયેલા ફિચ સોલ્યુશનના રિપોર્ટ મુજબ નાણકીય વર્ષ 2019-20માં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ? – 6.4 ટકા

18. તાજેતરમાં પાકિસ્તાનની ક્રિકેટ ટીમના મુખ્ય કોચ અને મુખ્ય પસંદગીકાર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – મિસ્બાહ ઉલ હક

19. તાજેતરમાં 2 સપ્ટેમ્બર 2019ના રોજ પાકિસ્તાની પ્રદર્શનકારીઓ દ્વારા વિશ્વના કયા શહેરમાં આવેલા ભારતીય દૂતાવાસ પર હુમલો કરવામાં આવ્યો હતો ? – લંડન (બ્રિટન)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

20. બેલાસ્ટિક મિસાઈલ વિકસાવવાનો આરોપ મૂકીને તાજેતરમાં અમેરિકાએ કયા દેશની સ્પેસ એજન્સી પર પ્રતિબંધ મૂકયો છે ? – ઈરાન

21. તાજેતરમાં ચર્ચામાં રહેલ ઈરાનની સ્પેસ એજન્સીનું નામ શું છે ? – Iranian Space Agency(ISA)

22. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં કયા દેશમાં શ્રીનાથજી મંદિરના જીર્ણોદ્ધારનો પ્રારંભ કરાવ્યો છે. – **બહેરિન**

(ખાસ નોંધ : ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં બહેરિનમાં શ્રીનાથજી મંદિરના જીર્ણોદ્ધારનો પ્રારંભ કરાવ્યો છે, માલદીવમાં નહિ.)

23. તાજેતરમાં જુલાઈ 2019 દરમિયાન ભારતના આઠ કોર ઈન્ડસ્ટ્રીઝ – કોલસા, ક્રુડ ઓઈલ, નેચરલ ગેસ, રિફાઈનરી પ્રોડક્શન, રાસાયણિક ખાતર, સિમેન્ટ, વીજળી અને પોલાદ ઉદ્યોગનો વિકાસ દર જુલાઈ 2018ના 7.3 ટકાથી ઘટીને જુલાઈ 2019માં કેટલા ટકા રહ્યો છે ? – 2.1 ટકા

24. તાજેતરમાં પોતાની કેપ્ટનશિપ હેઠળ કેટલામો ટેસ્ટ વિજય મેળવીને શ્રી વિરાટ કોહલી ભારતના સૌથી સફળ ટેસ્ટ કેપ્ટન બની ગયા છે ? – 28મો

25. શ્રી મહેન્દ્રસિંઘ ધોનીના કેટલી ટેસ્ટ વિજયના રેકોર્ડને તોડીને શ્રી વિરાટ કોહલી તાજેતરમાં ભારતના સૌથી સફળ ટેસ્ટ કેપ્ટન બની ગયા છે ? – 27

26. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા કઈ બેન્કને મૂડી તરીકે રૂા.9300 કરોડ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – IDBI

27. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા IDBI બેન્કને મૂડી તરીકે કેટલા કરોડ રૂપિયા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – 9300

28. તાજેતરમાં કેન્દ્ર સરકારે IDBIને મૂડી તરીકે રૂા.9300 કરોડ આપવાનો નિર્ણય કર્યો છે... આ રૂા.9300 કરોડમાંથી IDBIમાં 51 ટકા હિસ્સો ધરાવતી કઈ સંસ્થા અથવા તો કંપની IDBIને રૂા.4743 કરોડ આપશે ? – LIC

29. ભારત સરકારના જલશક્તિ, પેયજળ અને સ્વચ્છતા મંત્રાલયના માપદંડ અનુસાર તાજેતરમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગુજરાતના કયા તીર્થધામને 'બેસ્ટ સ્વચ્છ આઈકોનિક પ્લેસ' જાહેર કરવામાં આવ્યું છે ? – યાત્રાધામ સોમનાથ

30. ચંદ્રયાન-2ના રિપોર્ટિંગથી તાજેતરમાં પોતાની કારકિર્દીનો પ્રારંભ કરનાર કેરળની પ્રથમ ટ્રાન્સજેન્ડર પત્રકારનું નામ શું છે ? – હૈદી સાદીયા

31. તણાવમુકત અને ખુશહાલ જીવનની કળા શીખવવા માટે ગુજરાતની કઈ યુનિવર્સિટી દ્વારા 20 સપ્ટેમ્બર 2019 બાદ હેપિનેસ કોર્સ શરૂ કરવામાં આવશે ? – ગુજરાત યુનિવર્સિટી

32. ગુજરાતમાં સૌપ્રથમ વખત 1008 ગજની વિશાળ ધજા સાથે તાજેતરમાં અંબાજી પદયાત્રાનું પ્રસ્થાન કયાંથી થયું હતું ? – લીમખેડા

33. ભારતની મિસાઈલ સિસ્ટમને વધુ શકિતશાળી બનાવવા માટે તાજેતરમાં ભારતના કયા દેશ સાથે કરાર થયા છે ? – રશિયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**34.** PGVCL(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ)ના પ્રથમ મહિલા મેનેજિંગ ડિરેક્ટર (MD) તરીકે તાજેતરમાં કોણે ચાર્જ સંભાળ્યો છે ? – સુશ્રી શ્વેતા ટીઓટિઆ

**35.** RBIના તાજેતરના આદેશ અનુસાર તમામ બેંકોએ કયારથી ફરજિયાતપણે લોનના વ્યાજદરોને રેપોરેટ સાથે જોડવા પડશે... કે જેથી રેપોરેટમાં ઘટાડાનો લાભ સામાન્ય લોકોને મળી રહે ? – 1 ઓક્ટોબર, 2019થી

**36.** આંતરરાષ્ટ્રીય ટેસ્ટ મેચમાં સૌથી યુવા ટેસ્ટ કેપ્ટન બનવાનો તાજેતરમાં રેકોર્ડ સર્જનાર ક્રિકેટ ખેલાડીનું નામ શું છે ? – શ્રી રાશિદ ખાન

**37.** શ્રી રાશિદ ખાને તાજેતરમાં સૌથી યુવા ટેસ્ટ કેપ્ટન બનવાનો રેકોર્ડ સર્જ્યો છે... તેઓ કયા દેશની ટેસ્ટ ટીમના સુકાની છે ? – અફઘાનિસ્તાન

**38.** સુશ્રી મિતાલી રાજની ટી-20 ક્રિકેટમાંથી નિવૃત્તિ બાદ ભારતની ટી-20 મહિલા ટીમમાં તાજેતરમાં 15 વર્ષીય કઈ યુવતીની પસંદગી કરવામાં આવી છે ? – સુશ્રી શેફાલી વર્મા

**39.** તાજેતરમાં ચર્ચામાં રહેલ સુશ્રી શેફાલી વર્મા ભારતના કયા રાજ્યના ખેલાડી છે ? – હરિયાણા

**40.** આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાં સદી કરનાર અફઘાનિસ્તાનના પ્રથમ ખેલાડીનું નામ શું છે ? – શ્રી રહમત શાહ(તાજેતરમાં બાંગ્લાદેશ વિરુદ્ધ સદી)

**41.** આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાં સદી ફટકારનાર ભારતના પ્રથમ ખેલાડીનું નામ શું છે ? – શ્રી લાલા અમરનાથ

**42.** તાજેતરમાં 5 સપ્ટેમ્બર, 2019ના રોજ શિક્ષક દિન નિમિત્તે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગુજરાતના કેટલા શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો પુરસ્કાર એનાયત થયો હતો ? – 36

**43.** તાજેતરમાં 5 સપ્ટેમ્બર, 2019ના રોજ શિક્ષક દિન નિમિત્તે કઈ જગ્યાએ યોજાયેલા સમારોહમાં ગુજરાતના 36 શિક્ષકોને રાજ્યપાલ તથા મુખ્યમંત્રીશ્રીના હસ્તે શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો પુરસ્કાર એનાયત થયો હતો ? – ગાંધીનગર ટાઉનહોલ

**44.** 5 સપ્ટેમ્બર, 2019ને શિક્ષક દિન નિમિત્તે ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં યોજાયેલા સમારોહમાં કેટલા શિક્ષકોને 'રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર'થી સન્માનિત કર્યા છે ? – 46

**45.** ઝિમ્બાબ્વેના 'ફાઉન્ડિંગ ફાધર' તરીકે પ્રસિદ્ધ અને ઝિમ્બાબ્વેમાં 37 વર્ષ સુધી રાષ્ટ્રપતિ પદે શાસન કરનાર ઝિમ્બાબ્વેના કયા પૂર્વ રાષ્ટ્રપતિનું તાજેતરમાં નિધન થયું છે ? – શ્રી રોબર્ટ મુગાબે

**46.** શ્રી રોબર્ટ મુગાબેનું તાજેતરમાં નિધન થયું છે... તેઓ કયા દેશના પૂર્વ રાષ્ટ્રપતિ હતા ? – ઝિમ્બાબ્વે

**47.** બે વખત 4 બોલમાં 4 વિકેટ ઝડપનાર વિશ્વના પ્રથમ બોલરનું નામ શું છે ? – શ્રી લસિથ મલિંગા(શ્રીલંકા)

**48.** તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જમ્મુ કાશ્મીરના સરપંચોને કેટલા રૂપિયાનું વીમા કવચ આપવાની જાહેરાત કરવામાં આવી છે ? – રૂ.2 લાખ

**49.** તાજેતરમાં ચર્ચામાં રહેલ TDSનું પૂરું નામ શું છે ? – Tax Deducted at Source

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)

આજે જ JOIN કરો.



**ICE®**
**INSTITUTE FOR COMPETITIVE EXAMS**

## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.